dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 232 | AD - 2025, Vaishakh Vad- ((0 | Tuesday, Dt.27-05-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

20 વર્ષ
શહેરી વિકાસનાં

# GUJARAT URBAN DEVELOPMENT YEAR, 2025



વર્ષ 2005માં શરૂ થયેલી વણથંભી શહેરી વિકાસ યાત્રા
આજે 2025માં પહોંચી છે,

અને ગુજરાત ઉજવી રહ્યું છે
**20 વર્ષ શહેરી વિકાસનાં**



— ગરિમામયી ઉપસ્થિતિ —

**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

**શ્રી આચાર્ય દેવવ્રત**
માનનીય રાજ્યપાલ, ગુજરાત

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી મનોહર લાલ**
માનનીય કેન્દ્રીય આવાસ અને શહેરી વિકાસ મંત્રી, ભારત

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય જળ શક્તિ મંત્રી, ભારત

**27 મે, 2025 | સવારે 10:30 વાગે | મહાત્મા મંદિર, ગાંધીનગર**

**20 વર્ષ શહેરી વિકાસનાં**

શહેરી વસ્તીમાં 37% થી 48%ના વધારા સાથે શહેરીકરણને વેગ મળ્યો
કુલ 7 થી 17 મહાનગરપાલિકાના વધારા સાથે શહેરી વિસ્તારોનું વિસ્તરણ થયું
₹661 કરોડનું શહેરી વિકાસનું બજેટ 45 ગણા વધારા સાથે ₹30,325 કરોડ થયું
અમદાવાદ અને સુરત જેવા શહેરોમાં BRTS અને મેટ્રો રેલ સુવિધાઓથી શહેરી પરિવહનનું આધુનિકીકરણ
સાબરમતી રિવરફ્રન્ટ, ગિફ્ટ સિટી, ડ્રિમ સિટી અને સસ્ટેનેબલ ઇન્ફ્રાસ્ટ્રકચરથી થયું શહેરોનું નવનિર્માણ
પ્રધાનમંત્રી આવાસ યોજના અને પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાના અમલીકરણમાં ગુજરાત દેશમાં અગ્રેસર



## 'શહેરી વિકાસ વર્ષ – 2025' ની આ ઉજવણીમાં છે



શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કુલ ₹30,325 કરોડના બજેટમાંથી ₹3,300 કરોડની પ્રથમ હપ્તાની ગ્રાન્ટનું વિતરણ કરવામાં આવશે. આ પગલું ગુજરાતના 166 શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULBs)ના નાગરિકોના જીવન પર સકારાત્મક અસર કરશે.



સાબરમતી રિવરફ્રન્ટના ફેઝ-3 અમદાવાદ, વિવિધ શહેરોના 22,000 પરિવારોને પોતાના આવાસ, બાયો ડાયવર્સિટી પાર્ક, સુરત, સિવિલ હોસ્પિટલ અમદાવાદ કેમ્પસમાં 1800 બેડની હોસ્પિટલ, U.N. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી અને રિસર્ચ સેન્ટરના સેટેલાઇટ સેન્ટર (ગાંધીનગર) સહિત ₹5536 કરોડના જન સુખાકારીના અનેક વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત



વિકસિત ભારત @2047 ના લક્ષ્ય માટે વિકસિત ગુજરાત @2047ને ગતિ આપનારા અનેક નિર્ણયો લેવાશે

જીવંત પ્રસારણ જુઓ DD NEWS પર

### એક બાજુ કમોસમી વરસાદથી નુકસાની તો બીજી બાજુ મગફળીના બિયારણની તંગી

# અમરેલી જિલ્લામાં ખેડૂતોનું કોઈ સાંભળશે ખરું?

**ડિસેમ્બર મહિનામાં મગફળીનો પાક તૈયાર થયો હોવા છતાં અત્યાર સુધી ટેસ્ટિંગ રિપોર્ટ ન આવ્યો**

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં હાલમાં પડેલ કમોસમી વરસાદના કારણે ખેડૂતો આગોતરા વાવેતરની તૈયારીમાં લાગી ગયા છે. કમોસમી વરસાદના કારણે ઉનાળુ પાક કેરી, બાજરી, તલને વ્યાપક નુકસાન થયું છે. અમરેલી જિલ્લાના ખેડૂતોને પડયા પર પાટુ જેવી સ્થિતિ ઊભી થઈ છે. એક તરફ ઉનાળું વાવેતરમાં નુકસાની અને બીજા તરફ આગોતરા વાવેતર માટે બીજ નિગમની મગફળીના સર્ટિફાઈડ બિયારણની આયોજનના અભાવે વહેંચણી થઈ નથી. છેક ગત ડિસેમ્બર મહિનામાં મગફળીના

**જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં વાવણીનો પ્રથમ રાઉન્ડ પૂરો થવાની તૈયારીમાં અને જગતનો તાત બિયારણની રાહમાં**

બિયારણો તૈયાર થઈ ગયા હોવા છતાં રાજ્ય સરકારના વિભાગો દ્વારા ટેસ્ટિંગ રિપોર્ટ સોંપવામાં આવ્યો નથી. જિલ્લાના ખેડૂતોની કમનસીબી છે કે આ અંગે કોઈ રાજકીય આગેવાન પણ જવાબદારી લેતા નથી અને કોઈપણ જગ્યાએ રજૂઆત પણ કરતા નથી ત્યારે જિલ્લાના ખેડૂતો ભગવાન ભરોસે મુકાયા છે.

**અમરેલી બીજ નિગમના અધિકારીઓ તો ખેડૂતોના ફોન ઉપાડવાની તસ્દી પણ લેતા નથી**

કમોસમી વરસાદમાં અમરેલી જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં આગોતરા મગફળીનું વાવેતર થઈ શકે તેટલો વરસાદ પડ્યો હોવાથી ખેડૂતોએ એક પાકમાં નુકસાની પણ બીજા પાકમાં વળતર મળશે તેવી આશાએ આગોતરું વાવેતર કરવા માટેની તૈયારીઓ શરૂ કરી છે. પરંતુ બીજ નિગમની મગફળીના સર્ટિફાઇડ બિયારણનું વેચાણ હજુ સુધી અમરેલી જિલ્લામાં શરૂ કરવામાં આવ્યું નથી. આ અંગે ખેડૂતો જ્યારે બીજ નિગમના અધિકારીને અમરેલી ઓફિસમાં ફોન કરે છે તો તે ફોન ઉપાડવાની તસ્દી પણ લેતા નથી તેવું ખેડૂતોએ જણાવ્યું છે.

**આયોજનના અભાવે બીજ નિગમની મગફળીના સર્ટિફાઇડ બિયારણ મેળવવા ખેડૂતોને ફાંફા**

### હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

## ધારી પોલીસ સ્ટેશનની છત પરથી યુવકે છલાંગ લગાવી કરી આત્મહત્યા

**પોલીસ સ્ટેશનમાં જ આત્મહત્યાના બનાવથી ચકચાર**

ધારી, તા.૨૬

હિમખીમડી પરા વિસ્તારના રહેવાસી મગનભાઈ પ્રેમજીભાઈ થળેસાએ ધારી પોલીસ સ્ટેશનની છત પરથી છલાંગ લગાવી આત્મહત્યા કરી લેતા ખળભળાટ મચી ગયો હતો. પોલીસ સ્ટેશનની છત પર ચડીને આત્મહત્યા



કરવાનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી હતી. આ યુવકે છત પરથી પડતું મુકતા તેને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી અને તેને PCR વાનમાં સારવાર અર્થે ધારીની હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ સમગ્ર ઘટના અંગે પરિવારજનોના નિવેદન લીધા બાદ સાચું કારણ બહાર આવશે.

આ અંગે ધારી પીઆઈ દેસાઈએ જણાવ્યું હતું કે મૃતક સામે પહેલા પ્રોહિબીશનના ગુના દાખલ થયેલા હતા જ્યારે માતાનું નિવેદન નોંધવામાં આવતા મગનની માતાએ જણાવ્યું હતું કે મૃતક યુવાન છેલ્લા ચાર પાંચ દિવસથી ગુમસૂમ રહેતો હોય તેને હિસાબે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તારણ લાગી રહ્યું છે.

## સાવરકુંડલા તાલુકાના ડેડકડી ગામે વીજ કરંટ લાગતા બે ભેંસનું મોત

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલા તાલુકાના ડેડકડી ગામે પીજીવીસીએલની બેદરકારીને કારણે બે ભેંસનું વીજ કરંટ લાગતા મોત નિપજ્યું હતું. વીજ પાવર શરૂ હતો અને વીજતાર તૂટી ગયેલો હોય, વીજ પાવર કટ ન કરતા બે ભેંસને વીજ કરંટ લાગ્યો હતો. તૂટેલા તારને કારણે બે



ભેંસના મોત નિપજ્યા હતા. હિપાભાઈ રબારી નામના પશુપાલકની બે લાખની કિંમતની બંને ભેંસના મોત થતાં હાલ તો પશુપાલકની રોજીરોટી છીનવાઈ ગઈ છે.

## વડાપ્રધાનના ભાઈ પ્રહલાદભાઈ મોદીએ પરબધામના દર્શન કર્યા, સંતોના આશીર્વાદ લીધા

વડીયા, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ભાઈ પ્રહલાદભાઈ મોદીએ સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ પરબધામ મંદિરની મુલાકાત લીધી હતી. તેમણે પરબધામના મહંત કરસનદાસ બાપુ સાથે વાતચીત કરી ખબરઅંતર પૂછ્યા હતા અને સંતોના સાનિધ્યમાં બપોરની પ્રસાદી પણ લીધી હતી. વડીયાના સરપંચ મનીષભાઈ ઢોલરીયા સાથેના આત્મીય સંબંધને કારણે, પ્રહલાદભાઈ મોદી સૌરાષ્ટ્રના યાત્રાધામોના દેવ દર્શને આવ્યા હતા ત્યારે મનીષભાઈના આમંત્રણને



માન આપીને પરબધામ પધાર્યા હતા. મનીષભાઈ ઢોલરીયા પણ પ્રહલાદભાઈ મોદીનું સ્વાગત કરવા પરબધામ ખાતે હાજર રહ્યા હતા અને મહંત કરસનદાસ બાપુની મુલાકાત લીધી હતી.

## અમરેલી જિલ્લામાં મે અને જૂન માસનો અનાજનો જથ્થો મેળવી લેવા અનુરોધ

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબોને મે અને જૂન માસનો અનાજનો જથ્થો સસ્તા અનાજની દુકાન ખાતેથી સમયસર મેળવી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. મે-૨૦૨૫માં મે માસના ઘઉં, ચોખા, ખાંડ અને મીઠાનો તેમજ જૂન માસના ઘઉં અને ચોખાનું વિતરણ થશે. NFSA રેશનકાર્ડ ધારકો જેમનું ઈ-કેવાયસી બાકી છે, તેમને તાત્કાલિક જે-તે તાલુકા મામલતદાર કચેરીનો સંપર્ક કરી, નાયબ મામલતદાર-પુરવઠા પાસેથી એપ્રુવલ મેળવી ૨૪ કલાક પછી જથ્થો મેળવી લેવા જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવ્યું છે.

## સા.કુંડલાના વાંશિયાળી ગામે વન વિભાગ અને ગ્રામજનો દ્વારા પ્લાસ્ટિક મુક્ત અભિયાન યોજાયું

અમરેલી, તા.૨૬

વિશ્વ પર્યાવરણ દિવસના અનુસંધાને અમરેલી જિલ્લામાં પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવા માટે વિશેષ જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે સાવરકુંડલાના વાંશિયાળી ગામે વન વિભાગના કર્મચારીઓ અને ગ્રામજનોએ સાથે મળીને જાહેર સ્થળો અને



માર્ગો પરથી વેસ્ટ પ્લાસ્ટિક એકત્ર કર્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવાનો પ્રેરક સંદેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત, વિવિધ વિસ્તારોમાં સાફસફાઈ અને વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

## લાઠીના જરખીયા ગામના યુવાનની હત્યાથી શોકનો માહોલ, જન્મદિવસ જ બન્યો અંતિમ દિવસ

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના જરખીયા ગામના અનુસૂચિત જાતિના યુવાન નિલેશ રાઠોડની હત્યા થતાં સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. નિલેશનો જન્મદિવસ હતો તે જ દિવસે તેનો પાર્થિવ દેહ અંતિમવિધિ માટે ગામમાં



લાવવામાં આવતા પરિવાર અને ગ્રામજનો પર આભ ફાટ્યું હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. નિલેશના જન્મદિવસે જ તેના મૃતદેહને અંતિમવિધિ માટે જરખીયા ગામમાં લાવવામાં આવતા સમગ્ર ગામમાં શોકની લાગણી અને ગમગીની છવાઈ ગઈ હતી. નિલેશ રાઠોડની અંતિમવિધિમાં સાંસદ ભરતભાઈ સુતરીયા સહિત ગ્રામજનો અને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## સા.કુંડલામાં મામલતદારને રેવન્યુ તલાટીની ભરતીનો અભ્યાસક્રમ બદલવા આવેદનપત્ર અપાયું

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલા તાલુકાના ઉમેદવારોએ રેવન્યુ તલાટીની ભરતીનો અભ્યાસક્રમ બદલવા માટે સામૂહિક આવેદનપત્ર મામલતદારને સુપરત કર્યું હતું. આવેદનપત્ર રેવન્યુ તલાટીની પરીક્ષાના જાહેર થયેલા અભ્યાસક્રમમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવાની માંગ



તસવીર : સૌરભ દોશી

સાથે રજૂ કરવામાં આવ્યું છે. ઉમેદવારોએ જણાવ્યું હતું કે, અભ્યાસક્રમમાં રહેલી કેટલીક ખામીઓને કારણે પરીક્ષાર્થીઓને તૈયારીમાં મૂંઝવણ થઈ રહી છે, જેના કારણે ભરતી પ્રક્રિયાની નિષ્પક્ષતા અને પારદર્શિતા જળવાઈ રહે તે માટે અભ્યાસક્રમમાં કેટલાક ફેરફાર કરવા જરૂર છે. આ પ્રસંગે, ઉમેદવારોએ એકજુટ થઈને તેમના હક્કો માટે અવાજ ઉઠાવીને તંત્ર પાસે ઝડપી અને ન્યાયી પગલાંની અપેક્ષા વ્યક્ત કરી હતી.









# વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ

:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી.

કાર્યક્ષેત્ર ::- ધો- 9 થી 12 સાયન્સ / કોમર્સ / RENEET

:: શૈક્ષણિક વિશેષતાઓ ::
- હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE - NEET) Foundation ની તૈયારી કરશે.
- જ્યાં થશે AdvanceMaths - Science, રીઝનિંગ, English અને GK ની અપ ટુ ડેટ Powerful તૈયારી..

... સ્કોલરશીપ યોજના ...

| | | |
|---|---|---|
| ધોરણ 8 | 95% ઉપર | 9મું FREE |
| ધોરણ 9 | 95% ઉપર | 10મું FREE |

ધો. 8 - 9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.

મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર... ધો :- 9 & 10 થી જ JEE - NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા

#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...

સિલેબસ 50 હેતુલક્ષી પ્રશ્નો:- 15 MATHS + 15 SCI. + 10 ENG. + 10 S.S.

કૃણાલ ધોળકીયા Maths ,M.Sc., B.Ed. અનુભવ 10 વર્ષ

96645 82254/95863 68637

પંડ્યા મનોજભાઇ Science ,M.Sc., B.Ed. અનુભવ 14 વર્ષ

ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
- Smart Board ધરાવતા ક્લાસ...
- અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.

ADMISSION OPEN - 2025

ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા..

ધો-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...

#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...

ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ

93287 12928 / 76 220 220 86


# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે અમરેલી જિલ્લામાં પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન અભિયાન

અમરેલી, તા.૨૬




વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે, ૨૨ મે થી ૫ જૂન, ૨૦૨૫ દરમિયાન અમરેલી જિલ્લામાં **"Ending Plastic Pollution Globally"** થીમ હેઠળ લોકજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સામાજિક વનીકરણ વિભાગના પ્રયાસોથી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પ્લાસ્ટિક વેસ્ટ એકઠો કરવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. લાઠી સામાજિક વનીકરણ રેન્જ દ્વારા દામનગર અને લાઠીના કુંભનાથ મહાદેવ મંદિર પરિસરમાં 'પ્લાસ્ટિક ફ્રી કેમ્પસ ડ્રાઈવ' હેઠળ પ્લાસ્ટિક કચરો એકત્ર કરાયો હતો. દામનગરમાં લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં યોજાયેલી તિરંગા યાત્રામાં પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવા અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. બાબરા, સાવરકુંડલા, ધારી અને અમરેલી સામાજિક વનીકરણ રેન્જ દ્વારા પણ તેમના સંબંધિત વિસ્તારોમાં પ્લાસ્ટિક કચરો એકત્ર કરવાની પ્રવૃત્તિ વેગવંતી બનાવવામાં આવી છે. આ ઉપરાંત, વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ અને પાણી બચાવવા તથા સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અંગે જનજાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં સ્થાનિક અગ્રણીઓ, નાગરિકો અને વનવિભાગના કર્મયોગીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

# બગસરામાં 'મોતના ખાડા': ભૂગર્ભ ગટરના ખોદકામ બાદ આઠ દિવસથી ખુલ્લા ખાડા, અનેક લોકો ઈજાગ્રસ્ત

બગસરા, તા.૨૬



અમરેલી જિલ્લાના બગસરા શહેરમાં નગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટરના ખોદકામ બાદ ઉભી થયેલી બેદરકારીએ સ્થાનિક રહીશો માટે મુશ્કેલી અને ભયનો માહોલ સર્જ્યો છે. છેલ્લા આઠ દિવસથી ખોદવામાં આવેલા ખાડાઓ પૂરવામાં ન આવતા, જેતપુર રોડ પર ટાંકાની સામેની સાઈડમાં આવેલી નવી સોસાયટીઓમાં પાંચથી વધુ લોકો આ ખાડાઓમાં પડીને ઈજાગ્રસ્ત થયા છે. નગરપાલિકા દ્વારા જેતપુર રોડ પર ભૂગર્ભ ગટર, નળ કનેક્શન અને રસ્તાઓની કામગીરી માટે ગ્રાન્ટ પાસ થયા બાદ ખોદકામ શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, આ ખોદકામ બેફામ રીતે કરી ખાડાઓ ખુલ્લા છોડી દેવાયા છે. પરિણામે, વરસાદના કારણે સમગ્ર વિસ્તારમાં કીચડનું સામ્રાજ્ય છવાઈ ગયું છે, જેનાથી લોકોને પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. ગઈકાલે રાત્રે એક બાઈકચાલક આ ખાડામાં ખાબકતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. તેને તાત્કાલિક બગસરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આવી ઘટનાઓ બનવા છતાં નગરપાલિકા કે સત્તાધીશો દ્વારા આ ખાડાઓ પૂરવામાં આવતા નથી, જેને કારણે સ્થાનિકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. લોકોની માંગ છે કે, પાલિકા દ્વારા આ ભૂગર્ભ ગટરના ખાડાઓને તાત્કાલિક પૂરવામાં આવે અને આ કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવે, જેથી આ 'મોતના ખાડા' વધુ નિર્દોષ લોકોનો ભોગ ન લે.

# અવસાન નોંધ

**ગોંડલ**

સોની નિપુલભાઈ ભાસ્કરભાઈ લાઠિગરા (ઉ.વ. ૪૩)નું તા. ૨૫ના અવસાન થયું છે. તે સ્વ. મગનલાલ રામજીભાઈ લાઠીગરાના પૌત્ર તથા ગૌ. વા. ભાસ્કરભાઈ મગનલાલ લાઠિગરાના પુત્ર તેમજ ગિરધરભાઈ, રમણીકભાઈ, ગૌ.વા. સુરેશભાઈ તથા ગુણવંતરાયના ભત્રીજા તેમજ દીપેશભાઈ તથા નિશાબેન વિમલકુમાર વઢવાણાના મોટા ભાઈ, તથા આરવના પિતા તેમજ પાર્થના ભાઈજી થાય છે. બેસણું તા.૨૬ને સોમવારે સાંજે ૪.૩૦ થી ૬, સોની જ્ઞાતિની વાડી, કોલેજ ચોક, સ્ટેશન પ્લોટ, ગોંડલ ખાતે રાખેલ છે.

**નાના રાજકોટ**

સ્વ. તેજુબેન સવજીભાઈ કાકડીયાનું તા.૨૫/૦૫/૨૦૨૫ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમનું સદગત બેસણુ તા.૨૯/૦૫/૨૦૨૫ ને ગુરૂવારના રોજ સવારે ૮:૦૦ થી સાંજના ૦૫:૦૦ કલાક સુધી મું. નાના રોજકોટ, તા.લાઠી, જી.અમરેલી પર રાખેલ છે.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમા

જન્મ/મરણ અરજી નંબર/૭૧/૨૦૨૫

અરજદાર :- શ્રી વિનોદરાય પોપટભાઈ મહેતા,
સરનામું :- રહે.વાવેરા, તા.રાજુલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રી વાવેરા
તા.રાજુલા જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વાવેરા ગામના શ્રી વિનોદરાય પોપટભાઈ મહેતા, એ તેમના પુત્ર શ્રી અશ્વિનભાઈ વિનોદરાય મહેતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૬ ના રોજ વાવેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વિ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવા અન્યથા યોગ્ય હુક કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૫ માહે. મે સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૦૫/૦૫/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૫૯/૨૦૨૫

**અરજદાર :-** શ્રી મંજુલાબેન પરશોતમભાઈ ઘાનાણી
રે.મુ. મોણપુર, તા.જી.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોણપુર, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં અરજદારશ્રી મંજુલાબેન પરશોતમભાઈ ઘાનાણી તેઓના પુત્રી શાંતાબેન પુરશોતમભાઈ ઘાનાણી ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૮૯)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૭/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# લાઠીની પાંચ પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન કેન્દ્ર સંચાલક માટે અરજી કરી શકાશે

અમરેલી, તા.૨૬

લાઠી તાલુકાની કરકોલિયા, ગોવિંદપરા, દુધાળા, માલવિયા પીપરિયા અને રામપરા પ્રાથમિક શાળાઓમાં આવેલા મધ્યાહન ભોજન કેન્દ્રો માટે સંચાલકોની જરૂરિયાત છે. આ જગ્યાઓ માટે સરકારના નિયમો અનુસાર માનદ વેતન આપવામાં આવશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ ૩ જૂન, ૨૦૨૫ સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી, મધ્યાહન ભોજન યોજના શાખામાંથી જાહેર રજા સિવાય કચેરી સમય દરમિયાન વિનામૂલ્યે અરજીપત્રક મેળવી લેવાનું રહેશે. ભરેલું અરજીપત્રક જરૂરી દસ્તાવેજો અને આધાર-પુરાવા સાથે ૩ જૂન, ૨૦૨૫ના બપોરના ૩ વાગ્યા સુધીમાં ઉપરોક્ત કચેરી ખાતે પહોંચાડવાનું રહેશે.

આ જગ્યા માટે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ હોવી ફરજિયાત છે. જાહેરનામાની તારીખે ઉમેદવારની વયમર્યાદા ૨૦ વર્ષથી વધુ અને ૬૦ વર્ષથી ઓછી હોવી જોઈએ. લાઠી તાલુકા મામલતદારે યાદીમાં જણાવ્યું છે કે, નિયમો અનુસારની અરજી, લાયકાત અને વયમર્યાદા ધરાવતા ઉમેદવારોને જ મુલાકાત માટે બોલાવવામાં આવશે. માત્ર મુલાકાતથી નિમણૂકનો હક પ્રાપ્ત થશે નહીં. અધૂરી વિગતોવાળી અને નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં.


શ્રી સ્વામિનારાયણ શ્રધ્ધા જ્યોત ટ્રસ્ટ સંચાલિત

## શ્રીજી વિદ્યાર્થી ભુવન

શ્રી સરસ્વતી વિદ્યાલય

- ટેક્નોલોજી એડેડ સ્કૂલ
- સંપૂર્ણ AC સ્કૂલ
- પોસાય તેવી ફી
- કુદરતી વાતાવરણ વચ્ચે વિશાળ કેમ્પસ
- માઇન્ડ પાવર અને સેલ્ફ ડેવલપમેન્ટ માટે મોટીવેશનલ પોગ્રામ

ધોરણ :-૪ થી ૧૨
હોસ્ટેલની ઉત્તમ સુવિધા

દિપકભાઈ પી. વઘાસિયા સંચાલકશ્રી
વિલાસબેન ડી. વઘાસિયા સંચાલકશ્રી

સંપૂર્ણ કેળવણીનો અહેસાસ
ઘરથી દુર બીજુ એક ઘર એટલે
શ્રીજી વિદ્યાર્થી ભુવન



એસ.ટી.ડીવીઝન પાસે, લાઠી રોડ, અમરેલી. ફોન: 240067 Mo. 94269 76642 / 84692 53653
shreejividhyarthibhuvan.com | shreejischool1234@gmail.com વ્યવસ્થાપક: ઉતમભાઈ - 70430 19727



VOLTAS - beko VOLTAS




Buy Online at: www.voltas.com

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances

એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭

કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪



## નિત્યા સ્કીન કિલનીક

સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

## રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy)
- સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર
- કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov)
- અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ આર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

## તોરી ગામના ખેડૂતો પર આભ ફાટ્યું : તૈયાર પાક નિષ્ફળ જતા સરકાર પાસે સહાયની માંગ

# વડીયા પંથકમાં કમોસમી વરસાદ અને વાવાઝોડાથી તલના પાકને વ્યાપક નુકસાન

તોરી, તા.૨૬

અમરેલી જિલ્લાના વડીયા-મોટી કુંકાવાવ તાલુકાના તોરી ગામે ઉનાળુ પાકનું વાવેતર કરનાર ખેડૂતોને કમોસમી વરસાદ અને વાવાઝોડાએ ભારે નુકસાન પહોંચાડ્યું છે. ખાસ કરીને તલના પાકને વ્યાપક નુકસાન થતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. તોરી ગામના ખેડૂત બોરડ ભરતભાઈ રવજીભાઈનું ખેતર તોરીથી આથમણી દિશામાં મેલાણની ધારની બાજુમાં આવેલું છે. તેમણે પોતાની જમીનમાં તલ ગુજરાત-૩ નું વાવેતર કર્યું હતું. દિવસ-રાત મહેનત કરી, પાણીની અછત વચ્ચે પણ ત્રણથી ચાર મહિનાની સઘન



તસવીર : વિનુભાઇ કોટડીયા

મહેનત બાદ ૮૦ થી ૯૦ મણ પાક થવાની અપેક્ષા હતી. પાક કાપણી માટે તૈયાર જ હતો ત્યારે અચાનક આવેલા કમોસમી વરસાદ અને વાવાઝોડાએ પાકનો સદંતર નાશ કરી દીધો છે. ભરતભાઈના જણાવ્યા અનુસાર, તેમને અંદાજે રૂ. ૧.૬ લાખ જેટલું નુકસાન થયું છે. તૈયાર પાક આંખ સામે નષ્ટ થતા ખેડૂતો નિરાશ થયા છે અને સરકાર દ્વારા તાત્કાલિક સહાય પૂરી પાડવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

# વિસાવદર પેટાચૂંટણી માટે કોંગ્રેસે પ્રભારી તરીકે પરેશ ધાનાણીની કરી નિમણૂંક

અમરેલી, તા.૨૬

ગુજરાતમાં ચૂંટણીનો માહોલ ફરી જામવાનો છે. કડી અને વિસાવદર પેટાચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે. ત્યારે ગુજરાત કોંગ્રેસે આ બંને બેઠકો પર પોતાના પ્રભારીના નામની જાહેરાત કરી છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ દ્વારા કડી અને વિધાનસભા પેટાચૂંટણી માટે પ્રભારીની જાહેરાત કરવામાં આવી હતી.



બંને વિધાનસભા માટે ૪-૪ પ્રભારીની જાહેરાત કરવામાં આવી છે. વિસાવદર માટે પરેશ ધાનાણી, ઈન્દ્રનીલ રાજ્યગુરુ, વશરામ સાગઠિયા અને પૂંજા વંશની પ્રભારી તરીકે નિમણૂંક કરાઈ છે. તો કડી માટે ગેનીબેન ઠાકોર, જિગ્નેશ મેવાણી, પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ અને માલધારી નેતા રઘુ દેસાઈની પ્રભારી તરીકે નિમણૂંક કરાઈ છે. આ સાથે શક્તિસિંહ ગોહિલે કહ્યું કે, આ પ્રભારીઓ બે દિવસમાં સ્થળ પર જશે અને સ્થાનિક કાર્યકરોને મળશે. બાદ મોવડી મંડળ મુકુલ વાસનિક પરામર્શ કરશે.

# ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત પોસ્ટ વિભાગ દ્વારા પેન્શનર્સની હયાતીની નિઃશુલ્ક ખરાઈ

અમરેલી, તા.૨૬

ડિજિટલ ઈન્ડિયા અને સુશાસનના ભાગરૂપે ભારતીય ટપાલ ખાતાએ પેન્શનર્સ માટે વધુ એક ઉમદા પહેલ કરી છે. હવે પોસ્ટ વિભાગ દ્વારા પેન્શનર્સની વાર્ષિક હયાતીની ખરાઈ (Life Certificate) નિઃશુલ્ક કરવામાં આવશે. આ સેવા મે, જૂન અને જુલાઈ માસ દરમિયાન પૂરી પાડવામાં આવશે. કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે થયેલા એમ.ઓ.યુ. (મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ) હેઠળ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક (IPPB) દ્વારા આ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પોસ્ટ વિભાગના કર્મચારીઓ પેન્શનર્સના ઘરે જઈને હયાતીની ખરાઈ કરશે. આ પ્રક્રિયા માટે પેન્શનર્સને તેમનો પી.પી.ઓ. નંબર, બેંક એકાઉન્ટ નંબર અને આધારકાર્ડ સહિતની વિગતો આપવી પડશે.

આ પહેલથી પેન્શનર્સને ડિજિટલ ઈન્ડિયાનો લાભ મળશે અને તેમને વધુ ઝડપી તથા સુલભ સેવાઓ મળી રહેશે.

# અમરેલીના ફતેપુરમાં કોળી ઠાકોર સમાજના ૩૦મા સમૂહલગ્ન સંપન્ન : પ્રતિકૂળ હવામાન છતાં સફળ આયોજન

અમરેલી, તા.૨૬

અમરેલીના ફતેપુર (ભોજલધામ) ખાતે ૨૪મી મે, ૨૦૨૫ના રોજ જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ દ્વારા આયોજિત સમસ્ત કોળી ઠાકોર સમાજનો ૩૦મો સમૂહલગ્ન મહોત્સવ ભારે ઉત્સાહ અને સફળતાપૂર્વક સંપન્ન થયો. આ ભવ્ય પ્રસંગે સંતો-મહંતો, દરેક ક્ષેત્રના પ્રતિનિધિઓ, મહિલા અગ્રણીઓ, દાતાઓ તથા સેવાભાવી અને ધાર્મિક સંગઠનોના પ્રતિનિધિઓ ગ્રુપ મંડળ સાથે ઉપસ્થિત રહ્યા હતા. સમૂહલગ્ન સમિતિ તરફથી અને દાતાઓ દ્વારા લગ્નસ્થળે નવદંપતીઓ તથા તેમના પરિવારને કરિયાવર પેટે ૧૨૫ જેટલી વસ્તુઓની ભેટ આપવામાં આવી હતી. નિર્ધારિત આયોજન બાદ કુદરતી વાતાવરણમાં થયેલા ફેરફારને કારણે વરસાદ અને ઝડપી પવનની પરિસ્થિતિ સર્જાઈ હતી, જેના પગલે લગ્નસ્થળ બદલવાની ફરજ પડી હતી. જોકે, કુદરતના આશીર્વાદ સમાન અને ગરીબ પરિવારો તેમજ નવદંપતીઓને મદદરૂપ થવાના ઉમદા હેતુથી ગામના ડાબસરા પરિવારના માતાજીના મંદિરે સફળતાપૂર્વક અને વિના વિઘ્ને આયોજન કરવામાં આવ્યું હતું. વળી, ગામના પટેલ સમાજના કાનપરિયા પરિવારના ખોડિયાર માતાજીના મંદિરે પણ વાડી સમાન વ્યવસ્થા રાખવામાં આવી હતી. આ સમૂહલગ્ન કુદરતી પ્રતિકૂળતા છતાં સફળતા અને આનંદપૂર્વક સંપન્ન થયા હતા, તેમ સમિતિના પ્રમુખ ધીરૂભાઈ મકવાણાની યાદીમાં જણાવાયું છે.

# બાબરામાં શ્રીમદ ભાગવત સપ્તાહમાં પર્યાવરણ સંરક્ષણની શીખ અપાઈ

અમરેલી,તા.૨૬

બાબરામાં ચિત્રકૂટ સોસાયટી ખાતે મનહરદાસ ચૈતન્યસ્વામી પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહનું સમાપન થયું. આ સપ્તાહ દરમિયાન ભજન, ભોજન અને ભક્તિનો અનેરો માહોલ છવાયો હતો. કથાના વક્તા શાસ્ત્રી દિનેશભાઈ પંડ્યાએ વ્યાસપીઠ પરથી પર્યાવરણ સંરક્ષણ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આજના સમયમાં ૪૫ ડિગ્રીને વટાવતું તાપમાન ચિંતાનો વિષય છે. ત્યારે આપણે સૌએ પર્યાવરણની જાળવણી માટે જાગૃત થવું પડશે. તેમણે દરેક પરિવારને એક વૃક્ષનો ઉછેર કરી તેનું જતન કરવા અપીલ કરી હતી. શાસ્ત્રીજીએ સદભાવના ટ્રસ્ટની વૃક્ષારોપણની કામગીરીને પણ બિરદાવી હતી. આ ધાર્મિક કાર્યક્રમ દ્વારા ભક્તિની સાથે પર્યાવરણ જાગૃતિનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

# સાવરકુંડલામાં ગાળો બોલવાની ના પાડતાં પથ્થરનો ઘા માર્યો

**જાનથી મારવાની પણ ધમકી આપી**

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલામાં ગાળો બોલવાની ના પાડતાં યુવકને પથ્થરનો ઘા મારવામાં આવ્યો હતો. ઉપરાંત ઢીકાપાટુનો મુંઢમાર મારીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. હિતેન્દ્રભાઈ હરજીભાઈ સરવૈયા (ઉ.વ.૩૯) એ આલાભાઈ ખીમસુરીયા, મણીબેન આલાભાઈ ખીમસુરીયા, સોનુબહેન મહેશભાઈ ખીમસુરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદ ઘરે હાજર હતા અને તેમના બાળકો બહાર શેરીમાં રમતા હતા. તે દરમિયાન તેમની સોસાયટીમાં રહેતા આરોપી તેમની દીકરીને ગાળો દઈ ધમકાવતા હતા. જેથી તેમણે ગાળો દેવાની ના પાડતા એકાએક ઉશ્કેરાઈ જઈ જેમ ફાવે તેમ ગાળો આપી મણીબહેનને પથ્થરનો એક ઘા આંખ પાસે કપાળના ભાગે માર્યો હતો. ઉપરાંત મુંઢ ઈજા પહોંચાડી તેમને તથા સાહેદને ગાળો આપી ઢીકાપાટુ માર્યા હતા અને જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના બાઢડા ગામે ખુલ્લા ફ્યુઝના કારણે કરંટ લાગવાનો ભય




સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે વિરાણી હાઈસ્કૂલ અને કોલેજની એકદમ નજીક જ પીજીવીસીએલની ખુલ્લી પેટીમાં ખુલ્લા વીજ વાયર અને ખુલ્લા ફ્યુઝના કારણે કરંટ લાગવાનો ભય ઊભો થયો છે. પીજીવીસીએલ તંત્રની આવી બેદરકારી કોઈની જિંદગીનો ભોગ લે તે પહેલા યોગ્ય પગલા લેવાય તેવી લોકોની માગણી છે.

# સાવરકુંડલામાં સુરતની મહિલાએ પર્સમાં મુકેલા મોબાઈલની અજાણ્યો ઈસમ ચોરી કરી ગયો

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં મોબાઈલ ફોન ચોરીની બે ફરિયાદ નોંધાઈ હતી. અમરેલી શહેરમાંથી દરજીનો અને સાવરકુંડલામાંથી સુરતની મહિલાનો મોબાઈલ ચોરાયો હતો. બનાવ અંગે અમરેલી શહેરમાં રહેતા અને દરજીકામ કરતાં રસીકલાલ મગનલાલ ખોરાસીયા (ઉ.વ.૬૫)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે રિલાયન્સ ટેઈલર નામની તેમની દુકાન બહાર ઓટા પાસે પ્લાસ્કિટકની ખુરશી પર ફોન મુક્યો હતો. જેની અજાણ્યો ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બીજા બનાવમાં સુરતમાં રહેતા ચંપાબેન ભુપતભાઈ વાઘેલા (ઉ.વ.૫૩) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ સાવરકુંડલા ટાવર ચોક નીચે ખરીદી કરવા ગયા હતા ત્યારે પર્સમાં મોબાઈલ મુક્યો હતો. ટાવર ચોકમાંથી બહાર નીકળીને પર્સ ચેક કરતાં ફોન જોવા મળ્યો નહોતો. અજાણ્યો ઈસમ ફોન ચોરીને લઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ ,તિથિઃ અમાસ
તા. ૨૭-૦૫-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૫:૨૫,
સૂર્યાસ્ત-૦૭:૧૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ કૃતિકા

## દૈનિક રાશિફળ

**તા.૨૭-૦૫-૨૦૨૫ — મંગળવાર**

મેષઃ આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો.

વૃષભઃ આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે.

મિથુનઃ આજનો દિવસ લાભકારક રહેશે. પ્રકૃતિ ચંચળ હશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં, છતાં નાણાકીય લાભ ક્યાંકથી મળશે.

કર્કઃ આજનો દિવસ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

સિંહઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો.

કન્યાઃ આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં.

તુલાઃ આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઇચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે.

વૃશ્ચિકઃ નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે.

ધનઃ આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઇ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

મકરઃ આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે.

કુંભઃ આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે.

મીનઃ આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વધુ વિવાદ થઈ શકે છે.

# અમરાપુરની દોશી હાઈસ્કૂલનું ધોરણ-૧૦ અને ૧૨ (સામાન્યપ્રવાહ)નું ઉત્કૃષ્ટ પરિણામ

અમરાપુર,તા.૨૬

અમરાપુર (ધાનાણી) ખાતેની અમરાપુર કેળવણી મંડળ સંચાલિત બી.જે. દોશી હાઈસ્કૂલનું ધોરણ-૧૦ અને ૧૨(સામાન્ય પ્રવાહ)નું ઉત્કૃષ્ટ પરિણામ તાજેતરમાં જાહેર થયેલ હતું. ધોરણ-૧૦ની પરીક્ષામાં કુલ ૬૪માંથી ૬૪ વિદ્યાર્થીઓ પાસ થઈ 100% પરિણામ આવેલ છે. તેમજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૭૬.૬૦% આવેલ છે. જેમાં ધોરણ ૧૦માં A૧ ગ્રેડ સાથે નીચે મુજબના વિદ્યાર્થીઓએ પ્રથમ ત્રણ ક્રમાંક મેળવેલ છે. વસાણી કેશવી સંજયભાઈ, મેળવેલ ગુણ :- ૫૫૫/૬૦૦, ક્રમાંક : પ્રથમ, ગેવરીયા હેત સંજયભાઈ, મેળવેલ ગુણ :- ૫૫૧/૬૦૦, ક્રમાંક : દ્વિતીય, વસાણી જાન્વી વિજયભાઈ, મેળવેલ ગુણ :- ૫૪૪/૬૦૦, ક્રમાંક : તૃતીય, ધોરણ ૧૨માં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવેલ વિદ્યાર્થીઓ વાળા



પૃથ્વીરાજ પ્રતાપભાઈ, મેળવેલ ગુણ :- ૬૩૨/૭૫૦, ક્રમાંક : પ્રથમ, મિશ્રા નેન્સી ભાવેશભાઈ, મેળવેલ ગુણ :- ૫૯૯/૭૫૦, ક્રમાંક :- દ્વિતીય, ઝાલા ખુશાલી દામજીભાઈ, મેળવેલ ગુણ :- ૫૯૯/૭૫૦, ક્રમાંક :- દ્વિતીય, વાળા જાન્વીબેન કિશોરભાઈ, મેળવેલ ગુણ :- ૫૯૦/૭૫૦, ક્રમાંક :- તૃતીય. આ ઝળહળતા પરિણામ માટે મંડળના પ્રમુખ કમલેશભાઈ આર. દોશી, નિયામક આર.વી. વિસાવળીયા, શાળાના આચાર્ય એચ.ડી. સાવલીયા તેમજ સમગ્ર શાળા પરિવાર તથા ગામના અગ્રણીઓએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સાવરકુંડલામાંથી ત્રણ ઈસમો લપાતા છુપાતા મળ્યા

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલામાંથી ત્રણ ઈસમો અંધારામાં લપાતા છુપાતા મળ્યા હતા. જેસર રોડ પરથી મનિષ ઉર્ફે ટીટો ભીખુભાઈ સોલંકી (ઉ.વ.૩૮), આંખની હોસ્પિટલ પાસેથી સંજયભાઈ ભાણાભાઈ બગડા (ઉ.વ.૩૨) તથા ભરતભાઈ શામજીભાઈ ગુંધળી (ઉ.વ.૫૮) રાત્રીના અંધારામાં લપાતા છુપાતા અને ગુનો કરવાના ઈરાદે ફરતાં મળી આવ્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# ફીફાદ ગામના પુલ પાસેથી ૧૦ લીટર દારૂ પકડાયો

વંડા, તા.૨૬

ફીફાદ ગામના પુલ પાસેથી ગારીયાધારના નવાગામનો વિનુભાઈ ભુરાભાઈ ધોળકીયા (ઉ.વ.૪૫) પાસ પરમીટ વગર પીવાના ૧૦ લીટર દારૂ સાથે પકડાયો હતો.

વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.આર. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે. જિલ્લામાંથી છ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

## ધારીના કુબડા ગામનો બનાવ

# મૈત્રી કરાર બાબતે બે પક્ષો વચ્ચે બબાલ

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

ધારી, તા. ૨૬

ધારીની કુબડા ગામે બે પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. કરશનભાઈ રામભાઈ મકવાણા (ઉ.વ.૪૭) એ બાબુભાઈ ગીગાભાઈ દાફડા, સંજયભાઈ ભનુભાઈ દાફડા, પિયુષભાઈ કાળાભાઈ દાફડા તથા કનુભાઈ રાણાભાઈ દાફડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની દીકરી સેજલે સંજયભાઈ ભનુભાઈ દાફડા સાથે મૈત્રી કરાર કર્યા હતા અને નવસારી રહેતા હતા. કુબડા ગામે ખરખરાના કામે સેજલ તથા સંજય આવ્યા હોવાથી બાબુભાઈ ગીગાભાઈ દાફડાને કહ્યું કે, તમારા ભત્રીજાએ મારી દીકરી સાથે મૈત્રી કરાર ભલે કરી લીધેલ હોય પણ સામે ન રહેવા દો તેમ કહેતા જેમ ફાવે તેમ ગાળો આપી, લાકડી વડે માથામાં કપાળના ભાગે એક ઘા મારતાં ઈજા થઈ હતી. સંજયભાઈ દાફડાએ છરી કાઢી સાહેદને જમણી સાઈડ છાતીના ભાગે છરકો કરી દીધો હતો. ઉપરાંત વાંસાના ભાગે બે ત્રણ ઘા મારતા મુંઢ ઈજા કરી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી મુંઢમાર માર્યો હતો. જે બાદ બાબુભાઈ ગીગાભાઈ દાફડા (ઉ.વ.૫૫) એ કરશનભાઈ રામભાઈ મકવાણા, સુનિલભાઈ કરસનભાઈ મકવાણા, હિતેશભાઈ નાનજીભાઈ મકવાણા તથા સંજયભાઈ મધુભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભત્રીજા સંજયભાઈ ભનુભાઈ દાફડાએ આરોપીની દીકરી સેજલ સાથે મૈત્રી કરાર કર્યા હતા અને નવસારી રહેતા હતા. કુબડા ગામે ખરખરાના કામે સેજલ તથા સંજય આવ્યા હતા જેથી સુનિલભાઈ મકવાણાએ કહ્યું કે તમારા ભત્રીજાએ મારી દીકરી સાથે મૈત્રી કરાર ભલે કરી લીધો હતો પણ સામે ન રહેવા દો તેમ કહેતા કહ્યું કે મારા પિતાજી મરણ પામ્યા હોવાથી ખરખરાના કામે આવેલા છે. થોડા દિવસ પછી જતા રહેશે તેમ કહેતા આરોપીઓએ તેમને તથા સાહેદોને જેમ ફાવે તેમ ગાળો આપી, મુંઢ ઈજા કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. માઢક વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

## અમેરિકા અને આતંકવાદ : એક જટિલ સંબંધ

ભારત પાકિસ્તાન વચ્ચેની વોરમાં અમેરિકાએ યુદ્ધવિરામ કરાવ્યો એવી વાત અમેરિકન પ્રમુખે કરી પરંતુ આ બાબતમાં સાચી વાત જાહેર થતાં અમેરિકાએ પોતાના નિવેદનનો બચાવ કર્યો હતો. અમેરિકાએ ભારતના સંદર્ભમાં જે વાત કરી તેમાં પાકિસ્તાનના આતંકવાદનો જરા પણ ઉલ્લેખ ન હતો. હકીકતમાં આતંકવાદ સામેના યુદ્ધમાં અમેરિકાએ આગળ પડતી ભૂમિકા ભજવવી જોઈએ કારણ કે આતંકવાદનો સૌથી મોટો હુમલો અમેરિકા ઉપર થયો અને વર્લ્ડ ટ્રેડ સેન્ટર જમીનદોસ્ત થયું ત્યારથી અમેરિકાએ આતંકવાદને નાબૂદ કરવા માટે કમર કસી. ૧૧ સપ્ટેમ્બર, ૨001, આ તારીખ અમેરિકાના ઈતિહાસમાં અને વિશ્વભરના લોકોના મનમાં એક કાળા દિવસ તરીકે અંકિત થઈ ગઈ છે. આ દિવસે, અલ-કાયદા નામના આતંકવાદી સંગઠન દ્વારા અમેરિકા પર શ્રેણીબદ્ધ આત્મઘાતી હુમલાઓ કરવામાં આવ્યા, જેણે હજારો નિર્દોષ લોકોનો ભોગ લીધો અને વૈશ્વિક સુરક્ષાના દ્રષ્ટિકોણને કાયમ માટે બદલી નાખ્યો. આ હુમલાઓને સામાન્ય રીતે "૯/૧૧ હુમલા" તરીકે ઓળખવામાં આવે છે. તે સવારે, ૧૯ આતંકવાદીઓએ ચાર અલગ-અલગ પેસેન્જર વિમાનોનું અપહરણ કર્યું. તેમનો ઉદ્દેશ્ય અમેરિકાના પ્રતીકાત્મક સ્થળોને નિશાન બનાવવાનો હતો. સૌથી વિનાશક હુમલા ન્યુ યોર્ક શહેરમાં થયા. અપહરણ કરાયેલા બે વિમાન - અમેરિકન એરલાઈન્સ ફ્લાઈટ ૧૧ અને યુનાઈટેડ એરલાઈન્સ ફ્લાઈટ ૧૭૫ - વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ભવ્ય "ટ્વિન ટાવર્સ" (જોડિયા ટાવર) સાથે અથડાયા. આ અથડામણથી બંને ટાવરમાં ભીષણ આગ લાગી અને થોડા જ સમયમાં, ૧૧0 માળના આ વિશાળ ટાવર એક પછી એક ધડાકાભેર જમીનદોસ્ત થઈ ગયા. લાખો લોકો ટીવી પર આ દ્રશ્યો જીવંત જોઈને સ્તબ્ધ અને આઘાતમાં સરી પડ્યા. ઘટનામાં અસંખ્ય લોકોએ જીવ ગુમાવ્યો. આ હુમલાઓમાં લગભગ ૩,000 નિર્દોષ લોકોના મોત થયા, જેમાં ૯0 થી વધુ દેશોના નાગરિકોનો સમાવેશ થાય છે. મૃત્યુ પામેલાઓમાં ટ્વિન ટાવર્સમાં રહેલા લોકો અને વિમાનોમાં સવાર મુસાફરો તેમજ બચાવ કાર્યમાં જોડાયેલા અગ્નિશામકો અને પોલીસકર્મીઓ પણ હતા. હજારો લોકો ઘાયલ થયા અને ઘણા લોકો લાંબા ગાળાની શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે. ૯/૧૧ હુમલાએ અમેરિકા અને વિશ્વભરમાં ઊંડો આઘાત પેદા કર્યો. અમેરિકાની ધરતી પર આટલો મોટો અને વિનાશક આતંકવાદી હુમલો ક્યારેય થયો ન હતો. આ ઘટનાએ લોકોને સુરક્ષાની નવી વ્યાખ્યા શીખવી. આ હુમલાઓના જવાબમાં, અમેરિકાએ "આતંકવાદ સામે વૈશ્વિક યુદ્ધ" (Global War on Terrror) જાહેર કર્યું. આના ભાગરૂપે, અલ-કાયદાના નેતા ઓસામા બિન લાદેનને પકડવા અને આતંકવાદી સંગઠનોના નેટવર્કને તોડી પાડવા માટે અફઘાનિસ્તાન અને પછી ઈરાકમાં સૈન્ય કાર્યવાહી કરવામાં આવી. આ હુમલાઓએ વૈશ્વિક સુરક્ષા નીતિઓમાં કાયમી બદલાવ લાવ્યો. વિમાનમથકો અને અન્ય સાર્વજનિક સ્થળોએ સુરક્ષાના નિયમો ખૂબ કડક કરવામાં આવ્યા. નવા કાયદાઓ બનાવવામાં આવ્યા જેથી આતંકવાદને રોકી શકાય અને ગુપ્તચર એજન્સીઓને વધુ સત્તાઓ આપવામાં આવી. જોકે, આ કાયદાઓ અને સત્તાઓ પર ગોપનીયતા અને માનવ અધિકારોના ભંગના આરોપો પણ લાગ્યા. આર્થિક રીતે પણ, ન્યુ યોર્ક શહેરના આર્થિક કેન્દ્ર સમાન વર્લ્ડ ટ્રેડ સેન્ટરના વિનાશથી અમેરિકા અને વૈશ્વિક અર્થતંત્રને મોટો ફટકો પડ્યો. આજે પણ, ૯/૧૧ના પીડિતો અને બચાવ કાર્યકરોની યાદમાં ન્યુ યોર્કમાં "૯/૧૧ મેમોરિયલ અને મ્યુઝિયમ" બનાવવામાં આવ્યું છે.

# આતંકવાદનો ખાતમો કરવો જરૂરી છે



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવ્યા છે ત્યારે ઓપરેશન સિંદૂરની સફળતાનો આનંદ છવાયેલો છે. દુશ્મનોને બરાબરનો પાઠ ભારતીય સેનાએ ભણાવી દીધો છે.

ભારતીય સૈન્યની બહાદુરી બેમિસાલ ગણી શકાય સામે પક્ષે પાકિસ્તાનને ભયાનક નુકસાન પહોંચાડ્યું અને આપણા સ્વદેશી શસ્ત્રોએ ચાઈના અને તુર્કીના હથિયારોને રમકડાની જેમ તોડી પડ્યા તેનો ખાસ આનંદ છે. પરંતુ મહત્વની વાત એ છે કે આતંકવાદનો હજુ નાશ થયો નથી.

ભારતની રણનીતિ શાંતિની છે, આંતરરાષ્ટ્રીય સમુદાયને સાથે રાખીને ચાલવાની છે એટલે આપણે ભયાનક રીતે આતંકવાદને નષ્ટ કરી શકતા નથી તે પણ એક હકીકત છે આમ છતાં આ આતંકીઓને કચડી નાખવા જરૂરી છે. આ માટે ઈઝરાયેલ જેવી આક્રમકતા હવે દાખલ કરવામાં આવે અને પાકિસ્તાનના કટકે-કટકા કરીને આતંકવાદીઓ રૂપી સાપોલિયાના માથા કચડી નાખવામાં આવે તે જરૂરી છે. આપણે ઈઝરાયેલ જેવી આક્રમકતા દેખાડી શકતા નથી. કારણ કે મહાત્મા ગાંધીના અહિંસાના સંસ્કાર હજી આપણામાં થોડા ઘણા બાકી રહ્યા છે.

પરંતુ આતંકીઓને અહિંસા, પ્રેમ અને વિશ્વ શાંતિ સાથે કોઈ લેવાદેવા હોતી નથી આથી તેને આક્રમકતાથી નષ્ટ કરવા અતિ જરૂરી છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ જેમ જેમ સમય જાય છે તેમ તેમ શાંત થવાને બદલે વધુ ને વધુ આક્રમક થતા જાય છે. કોઈ ગમે તેમ કરે અથવા તો ગમે તે કહે એનાથી એને કોઈ ફેર પડતો નથી. દુશ્મનો ઈઝરાયેલને ધમકી આપી રહ્યા છે અને દોસ્તો ઈઝરાયેલને ખમૈયા કરવા વિનવી રહ્યા છે, પણ નેતન્યાહૂ પોતાનું ધાર્યું જ કરી રહ્યા છે. તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૨૩ના દિવસે હમાસે ઈઝરાયેલ પર હજારો રોકેટ છોડીને જંગ છેડી દીધો હતો. દસ દિવસ પછી આ યુદ્ધને એક વર્ષ થઈ જશે. યુદ્ધ શરૂ થયું ત્યારે જ બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું હતું કે, યુદ્ધ શરૂ કર્યું છે હમાસે, પણ પૂરું અમે કરીશું. ગાઝા પર કબજો કરવાની નેમ સાથે તૂટી પડેલા ઈઝરાયેલે હમાસની કમર તો ક્યારનીયે ભાંગી નાખી છે. એ વાત તો આખી દુનિયા સારી રીતે જાણે છે કે, હમાસને ઈરાનનો સાથ હતો. હમાસ ઉપરાંત યમનના હૂથી અને લેબેનોનના હિઝબુલ્લાહ મારફતે ઈરાન ઈઝરાયેલ સામે યુદ્ધ લડી રહ્યું છે. ઈરાને ભૂતકાળમાં અનેક વખત એવી ધમકીઓ આપી છે કે, અમે ઈઝરાયેલને નકશામાંથી મિટાવી દેશું.


ઈઝરાયેલ એમ કોઈની ધમકીથી ડરી જાય એ વાતમાં માલ નથી. બેન્જામિન નેતન્યાહૂ પર અમેરિકા દબાણ કરી રહ્યું છે કે યુદ્ધ રોકો. ઈઝરાયેલમાં પણ લોકો પોતાના જ વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સામે રોડ પર ઊતર્યા છે. બહારના કે અંદરનાં પરિબળોને ગણકાર્યા વગર બેન્જામિન નેતન્યાહૂ લડી રહ્યા છે. ઈઝરાયેલ એવું ઉદાહરણ પૂરું પાડવા માંગે છે કે, ભવિષ્યમાં કોઈ તેની સામે ઊંચી આંખ કરવાની હિંમત ન કરે. સૌથી કરુણ વાત એ છે કે, યુદ્ધમાં નિર્દોષ લોકોનો ભોગ લેવાઈ રહ્યો છે. આ યુદ્ધમાં મોતનો આંકડો ૪૪ હજાર સુધી પહોંચી ગયો છે.

ઈજાગ્રસ્તોની સંખ્યા તો ગણી ગણાય નહીં એટલી છે. લોકો જીવ બચાવવા માટે ઘરબાર છોડીને પલાયન કરી રહ્યા છે. ખાવા માટે અનાજ નથી અને પીવા માટે પાણી નથી. યુદ્ધના નિયમો હોય છે, પણ યુદ્ધ સમયે એ બધા નિયમોને ઘોળીને પી જવાય છે. બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે, યુદ્ધમાં તો બધું થાય.

આપણા દેશે માત્ર લશ્કરી મથકોને ટાર્ગેટ કર્યા છે, નાગરિકોને, સ્ત્રીઓને કે બાળકોને માર્યા નથી. આપણી આ મર્યાદા છે અને તેનો લાભ આતંકવાદીઓ લઈ રહ્યા છે આમ છતાં આ લોકોને જહન્નમમાં પહોંચાડી દેવા જરૂરી છે.

**ઓપરેશન સિંદુર હજુ પૂરું થયું નથી. સામા પક્ષે પાકિસ્તાન અને બાંગ્લાદેશમાંથી હરામખોર આતંકીઓના નાના મોટા અડપલા ચાલુ જ છે. ભારતે ઇઝરાઇલ જેવી આક્રમકતા રાખીને દયાહિન બનીને આતંકીઓ અને તેના તમામ સંગઠનોને તાકાતથી કચડી નાખવા જરૂરી છે.**

## શબ્દ સંજોગ-૨૦૦૭



**આડી ચાવી :**
(૧) શરીરના સાંધાનો કડાકો (૩)
(૩) અહેમદશા બાદશાહે વસાવેલુ એક શહેર (૫)
(૭) અદબ, સભ્યતા (૪)
(૯) પવન, વાયુ (૨)
(૧૦) હોઠ (૨)
(૧૨) નર્મદા નદી (૨)
(૧૩) અથાણું, શાક, મુરબ્બા વગેરેના મસાલાવાળો જાડો રસ (૨)
(૧૫) મમ્મીની બહેનના પતિ (૨)
(૧૭) મીઠાઈ બનાવનાર તથા વેચનાર આદમી, સુખડિયો (૩)
(૧૯) સોનું, ધન દોલત (૩)
(૨૧) પપ્પાના પપ્પા (૨)
(૨૨) યજ્ઞોપવિત, ઉપનયન સંસ્કાર (૩)
(૨૪) યજ્ઞ કરનાર (૪)
(૨૬) અંધારુ, અંધકાર (૩)
(૨૮) મોટું, મહાન (૨)
(૨૯) અંદર ઉતરવાના પગથિયાવાળો કૂવો (૨)
(૩૧) યાદદાસ્ત, સ્મૃતિ (૩)
(૩૨) પરાપૂર્વથી ચાલ્યુ આવતું (આ-અ) (૪)

**ઉભી ચાવી :**
(૧) રેલવેનું બોગદું, ભોયરું (૩)
(૨) એક જ નામથી ઓળખાતો લોકસમૂહ (૨)
(૩) માયા, કુદરત (૨)
(૪) મુસલમાની નિશાળ (૪)
(૫) કેવું સારું, શાબાશ (૨)
(૬) શાહીનો ખડિયો (૩)
(૮) સૂર્ય, ભાનુ (૨)
(૧૧) ઘોડેસવાર, રક્ષક (૫)
(૧૪) વેચવાનો ધંધો, વેપાર (૨)
(૧૬) કરમાયેલું, ખિન્ન (૨)
(૧૮) નોતરું, આમંત્રણ (૩)
(૨૦) એક રાશિ (૨)
(૨૧) દસકો (૩)
(૨૩) તવારીખ, ભૂતકાળનું વૃતાંત (૪)
(૨૫) બિલાડો (૩)
(૨૭) મોકલેલું, વિદાય કરેલું (૩)
(૩૦) જંગલ, અરણ્ય (૨)

## શબ્દ સંજોગ-૨૦૦૬ જવાબ

**આડી ચાવી :** (૧) મંગલમૂર્તિ (૫) અડદ (૭) થનક (૮) પૂરણ (૧૦) નસ (૧૨) સગતરો (૧૩) નવાન્ન (૧૫) દળ (૧૭) ઉદાર (૧૮) બેલું (૧૯) વિરેચન (૨૧) શવલ (૨૩) ચર (૨૪) કાઠલો (૨૭) વીશી (૨૮) પાતાલ (૩૦) રાઈફલ (૩૧) જતલસ(સતલજ).

**ઉભી ચાવી :** (૧) મંથન (૨) ગનસન (૩) લક (૪) ર્તિપૂ(પૂર્તિ) (૫) અણગળ (૬) દવારો (૯) રસદ (૧૧) અન્નદાન (૧૪) વાઉચર (૧૬) ભાવિ (૧૮) બેલ (૨૦) રેચ (૨૧) શઠ (૨૨) વલોપાત (૨૪) કાશી (૨૫) સાલસ (૨૬) ધરા (૨૭) વીલ (૨૯) તાલ.

## સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૫૪૪ |
| ઘઉં લોકવન | ૪૯૬ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૯૮ | ૫૫૦ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૯૦૦ |
| જુવાર લાલ | ૮૦૦ | ૯૬૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૮૦ |
| બાજરી | ૩૭૫ | ૪૫૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૩૫૩ |
| ચણા પીળા | ૯૯૦ | ૧૧૦૩ |
| ચણા સફેદ | ૧૪૫૦ | ૨૧૧૦ |
| અડદ | ૧૧૫૧ | ૧૫૭૫ |
| મગ | ૧૩૭૫ | ૧૯૪૧ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલ પાપડી | ૯૫૦ | ૧૬૬૬ |
| ચોળી | ૧૩૦૦ | ૧૮૦૫ |
| વટાણા | ૧૦૫૦ | ૧૯૪૪ |
| રાજમા | ૭૫૦ | ૧૫૪૨ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૪૨૫ |
| મગફળી જાડી | ૯૭૫ | ૧૧૨૪ |
| મગફળી જીણી | ૧૦૩૦ | ૧૫૪૮ |
| અળશી | ૧૨૯૯ | ૧૨૯૯ |
| તલી | ૧૬૦૦ | ૨૩૩૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૩૦ |
| અજમો | ૯૭૫ | ૧૭૦૦ |
| સુવા | ૧૨૯૦ | ૧૨૯૦ |
| સોયાબીન | ૭૮૪ | ૮૪૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૩૮૧૨ |
| લસણ | ૭૦૦ | ૧૭૫૦ |
| ધાણા | ૧૧૭૫ | ૧૪૩૪ |
| મરચા સુકા | ૭૭૫ | ૧૮૬૦ |
| ધાણી | ૧૨૧૦ | ૧૬૦૦ |
| વરીયાળી | ૯૫૦ | ૧૬૭૫ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૧૧૬ |
| રાય | ૧૧૨૫ | ૧૩૨૫ |
| મેથી | ૮૩૦ | ૧૨૪૦ |
| ઇસબગુલ | ૧૬૮૦ | ૧૮૨૦ |
| કલોંજી | ૩૨૦૦ | ૪૨૦૦ |
| રાયડો | ૧૦૧૦ | ૧૧૧૫ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૪૮૦૦ |
| ગુવારનું બી | ૯૩૦ | ૯૯૫ |

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૮૦૦ |
| સાકરટેટી | ૧૦૦ | ૨૦૦ |
| તરબુચ | ૫૦ | ૧૨૦ |
| બટેટા | ૧૮૦ | ૩૭૧ |
| ડુંગળી સુકી | ૨૨ | ૨૫૫ |
| ટમેટા | ૩૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૫૦ | ૩૫૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૫૦ |
| ભીંડો | ૩૫૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૨૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૬૦૦ |
| સરગવો | ૨૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૭૫૦ |
| પરવર | ૭૫૦ | ૧૦૨૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૦૦૦ |
| ગલકા | ૧૦૦ | ૨૦૦ |
| બીટ | ૧૫૦ | ૨૩૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૮૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૪૦ |
| ગુંદા | ૪૦૦ | ૭૦૦ |

| અમરેલી | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૭૧૦ | ૧૦૮૦ |
| શિંગ મોટી | ૮૬૪ | ૧૦૭૩ |
| શિંગ દાણા | ૧૧૫૦ | ૧૩૭૫ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૩૦૭ |
| તલ સફેદ | ૧૧૪૦ | ૨૬૩૦ |
| તલ કાળા | ૨૮૬૦ | ૩૯૯૦ |
| તલ કાશ્મીરી | ૧૬૭૦ | ૧૯૬૦ |
| બાજરો | ૨૩૧ | ૪૨૨ |
| જુવાર | ૮૦૦ | ૮૬૭ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૫૮૧ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૮ |
| મકાઈ | ૪૦૦ | ૪૭૦ |
| મગ | ૧૩૦૦ | ૧૭૨૬ |
| અડદ | ૧૧૪૫ | ૧૩૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૮૧ |
| ચણા દેશી | ૧૧૩૫ | ૧૧૩૫ |
| સફેદ ચણા | ૧૦૫૫ | ૧૧૧૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૨૮ |
| વાલ | ૭૧૦ | ૧૦૦૦ |
| કપાસ | ૮૪૬ | ૧૫૫૧ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૦૮ |
| જીરૂ | ૨૪૨૦ | ૩૮૭૫ |
| ધાણા | ૧૨૪૦ | ૧૩૫૧ |
| ધાણી | ૧૦૭૦ | ૧૩૮૧ |
| અજમા | ૧૩૦૦ | ૧૫૫૦ |
| મેથી | ૮૬૨ | ૮૮૫ |
| સોયાબીન | ૭૧૨ | ૮૦૯ |
| કાંગ | ૫૭૦ | ૫૭૦ |

| અમરેલી (શાકભાજી) | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૫૦ |
| શકકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૪૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| દુધી | ૬૦ | ૧૦૦ |
| કારેલા | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૧૫૦ | ૪૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલાં | ૨૫૦ | ૪૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૭૦૦ |
| ગુંદા | ૮૦૦ | ૧૦૦૦ |
| ગરમર | ૮૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| પાકી કેરી | ૫૦૦ | ૧૦૦૦ |
| સરગવો | ૩૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૩૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૭૦૦ |
| કાચી કેરી | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૭૦૦ | ૮૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મકાઇ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |

| ગોંડલ | | |
|---|---|---|
| કપાસ | ૧૧૪૧ | ૧૪૯૬ |
| ઘઉં લોકવન | ૪૩૬ | ૫૩૪ |
| ઘઉં ટુકડા | ૪૭૬ | ૬૦૧ |
| મગફળી જીણી | ૮૭૬ | ૧૬૬૧ |
| સિંગદાણા જાડા | ૧૩૫૧ | ૧૬૩૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૩૫૧ |
| એરંડા / એરંડી | ૯૦૧ | ૧૨૪૧ |
| જીરૂ | ૨૮૦૧ | ૪૪૭૧ |
| કલંજી | ૧૫૦૦ | ૪૧૪૧ |
| ધાણા | ૮૫૧ | ૧૫૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૩૦૧ | ૨૬૦૧ |
| લસણ સુકું | ૭૨૧ | ૧૩૦૧ |
| ડુંગળી લાલ | ૧૬ | ૨૧૬ |
| અડદ | ૭૫૧ | ૧૫૮૧ |
| તુવેર | ૯૦૧ | ૧૩૫૧ |
| કાંગ | ૩૦૧ | ૬૪૧ |
| મરચા | ૨૦૧ | ૧૭૫૧ |
| મગફળી જાડી | ૭૬૬ | ૧૬૦૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૮૫૧ |
| મગફળી નવી | ૯૦૦ | ૧૧૨૧ |
| ધાણી | ૯૫૧ | ૧૬૫૧ |
| ડુંગળી સફેદ | ૫૦ | ૧૮૮ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૮૧૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૫૧ |
| ચણા | ૧૦૧૧ | ૧૧૦૧ |
| વાલ | ૫૦૧ | ૧૧૦૧ |
| ચોળા / ચોળી | ૬૫૧ | ૧૫૭૧ |
| સોયાબીન | ૭૨૬ | ૮૮૧ |
| ગોગળી | ૮૦૦ | ૧૦૦૦ |

| ગોંડલ (શાકભાજી) | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૬૦ | ૩૦૦ |
| દુધી | ૫૦ | ૧૬૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૫૦૦ |
| ગલકા | ૮૦ | ૩૦૦ |
| ગાજર | ૨૦૦ | ૫૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૨૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૬૦૦ |
| બટેટા | ૨૨૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૨૫ |
| તાંજરીયા પુરા | ૪ | ૭ |
| કોથમીર પુરા | ૫ | ૨૦ |
| મૂળા પુરા | ૧ | ૬ |
| ફોદીનો પુરા | ૩ | ૪ |
| ગુંદા | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૪૦૦ |
| મેથી પુરા | ૧૦ | ૨૫ |
| બીટ પુરા | ૪ | ૧૫ |
| સરગવો પુરા | ૯ | ૨૦ |
| ચોરા | ૧૦૦ | ૬૦૦ |
| કારેલા | ૧૮૦ | ૮૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૪૮૦ | ૮૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઇ ડોડા | ૧૮૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૭ |

| ધારી | | |
|---|---|---|
| મગફળી | ૮૨૦ | ૯૬૬ |
| ઘઉં લોકવન | ૪૭૩ | ૪૯૭ |
| ચણા | ૧૦૨૧ | ૧૦૭૬ |
| તુવેર | ૧૦૭૫ | ૧૧૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૬૫ |
| એરંડા | ૧૧૭૦ | ૧૨૦૦ |
| શીંગ દાણા | ૧૨૨૫ | ૧૪૬૦ |
| શીંગ ફાડા | ૧૨૦૦ | ૧૨૫૫ |
| ચોળી | ૮૦૫ | ૮૦૫ |
| સોયાબીન | ૭૩૨ | ૭૭૭ |

| ખાંભા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૭૫ | ૧૫૨૧ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૧૬ |
| ચણા | ૧૦૭૦ | ૧૦૮૮ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૪૧ |
| જીરૂ | ૪૧૧૧ | ૪૧૧૧ |

| બગસરા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૧૨ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૦૭ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૪૯૯ |
| રાય | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૫ |
| ધાણા | ૧૧૨૫ | ૧૧૪૫ |
| શીંગદાણા | ૯૬૦ | ૧૩૩૦ |
| મગફળી | ૮૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૨૬૦ | ૧૩૧૫ |
| સોયાબીન | ૭૭૦ | ૭૯૯ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૦૪૫ |
| તલ કાળા | ૨૧૦૦ | ૨૬૩૫ |
| મેથી | ૫૦૦ | ૭૭૧ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૯૦૦ |
| એરંડા | ૬૦૦ | ૬૦૦ |

| બાબરા | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૪૮ |
| કપાસ મીડીયમ | ૧૧૦૦ | ૧૩૮૦ |
| મગફળી જી ૨૦ | ૯૮૮ | ૧૦૩૨ |
| ચણા | ૧૦૬૬ | ૧૦૯૪ |
| જીરૂ | ૩૨૨૦ | ૩૯૯૦ |
| ઘઉં | ૪૬૮ | ૫૩૨ |
| તલ સફેદ | ૧૫૪૫ | ૨૧૧૫ |
| તલ કાળા | ૨૯૧૦ | ૩૬૫૦ |
| બાજરો | ૪૪૭ | ૫૦૩ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૫૦ |
| શીંગ મોટી | ૧૦૧૦ | ૧૦૪૦ |
| શીંગ નવી | ૯૫૦ | ૧૧૭૦ |
| શીગ દાણા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૩૦૩ |
| તલ કાળા | ૩૩૦૦ | ૪૧૪૦ |
| જીરૂ | ૩૨૫૦ | ૪૦૦૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૧૦ |
| ઘઉ લોકવન | ૪૨૫ | ૫૫૦ |
| ઘઉ ટુકડા | ૫૦૦ | ૫૮૧ |
| બાજરો | ૩૫૦ | ૫૦૦ |
| જુવાર | ૫૦૦ | ૭૩૫ |
| મગ | ૧૧૦૦ | ૧૭૨૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૧૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૦૮ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૪૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૫૦ |

| કોડીનાર | | |
|---|---|---|
| બાજરી હાઈબ્રીડ | ૪૦૫ | ૫૮૬ |
| અડદ | ૧૪૩૦ | ૧૫૧૮ |
| મગ | ૧૨૮૦ | ૧૭૯૫ |
| સફેદ તલ | ૧૩૦૦ | ૧૮૫૫ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૯૮૦ |

| રાજુલા | | |
|---|---|---|
| શીંગ | ૭૦૦ | ૧૦૦૧ |
| તલ સફેદ | ૧૦૧૦ | ૨૦૫૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૦૦૧ |
| કપાસ | ૧૦૦૧ | ૧૪૭૭ |
| બાજરો | ૩૭૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૦૦ |
| જુવાર | ૩૦૧ | ૧૦૭૫ |
| મકાઈ | ૫૦૦ | ૫૨૬ |
| મગ | ૧૦૦૦ | ૧૫૬૧ |
| અડદ | ૯૦૧ | ૯૦૧ |
| તુવેર | ૭૦૦ | ૧૧૭૬ |
| ચણા | ૬૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૭૨૫ | ૭૨૫ |
| મેથી | ૮૭૦ | ૮૭૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૮૫ |
| રાય | ૧૧૦૦ | ૧૨૦૧ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |

| જામનગર | | |
|---|---|---|
| જુવાર | ૩૩૦ | ૮૦૦ |
| બાજરો | ૩૦૦ | ૫૫૫ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૮ |
| મગ | ૧૨૦૦ | ૧૬૯૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૩૦ |
| તુવેર | ૯૦૦ | ૧૨૭૦ |
| ચોળી | ૧૩૨૦ | ૧૭૫૦ |
| વાલ | ૮૧૫ | ૧૪૦૦ |
| મેથી | ૮૫૦ | ૧૦૪૫ |
| ચણા | ૧૦૬૦ | ૧૦૯૨ |
| મગફળી જીણી | ૭૫૦ | ૧૦૮૦ |
| મગફળી જાડી | ૭૦૦ | ૧૦૨૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૦૮ |
| તલ | ૧૭૦૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૬૦૦ |
| રાયડો | ૯૫૦ | ૧૧૩૨ |
| રાઈ | ૧૦૦૦ | ૧૩૨૫ |
| લસણ | ૫૦૦ | ૧૪૫૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૭૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૦૪૫ |
| અજમો | ૧૦૫૦ | ૨૭૧૫ |
| ધાણા | ૯૦૦ | ૧૪૨૫ |
| ડુંગળી | ૨૫ | ૨૩૦ |
| ઈસબગુલ | ૫૦૦ | ૭૫૦ |
| રાજમા | ૯૦૦ | ૧૪૦૦ |

| મહુવા | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૦૫૦ | ૧૨૩૧ |
| શીંગ ૩૨ | ૯૮૦ | ૧૦૪૫ |
| શીંગ જી-૨૦ | ૯૬૦ | ૧૦૫૬ |
| એરંડા | ૧૦૭૬ | ૧૧૯૫ |
| જુવાર | ૩૨૦ | ૭૬૦ |
| બાજરી | ૩૬૧ | ૫૯૧ |
| ઘઉં ટુકડા | ૪૬૨ | ૬૨૫ |
| મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| અડદ | ૯૧૦ | ૧૫૭૦ |
| મગ | ૧૩૧૫ | ૧૬૭૫ |
| મેથી | ૬૪૫ | ૮૫૦ |
| અજમા | ૮૧૦ | ૮૧૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૯૮ |
| તલ સફેદ | ૧૪૦૧ | ૨૩૯૯ |
| તલ કાળા | ૮૪૦ | ૩૯૩૫ |
| તુવેર | ૧૧૮૫ | ૧૩૫૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૪૫૦ |
| ડુંગળી લાલ | ૩૫ | ૧૯૨ |
| ડુંગળી સફેદ | ૭૦ | ૨૬૭ |
| નાળીયેર | ૭૫૦ | ૨૩૯૭ |

| ભેંસાણ | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૬૬ |
| ઘઉં | ૩૫૧ | ૩૫૧ |
| મગ | ૧૧૦૧ | ૧૫૨૧ |
| ચણા | ૮૫૧ | ૧૦૬૬ |
| તુવેર | ૯૦૧ | ૧૩૦૧ |
| મગફળી | ૬૦૦ | ૧૧૩૧ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૧૯૬ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૧૬ |
| મેથી | ૬૦૦ | ૮૫૦ |
| ધાણા | ૮૫૧ | ૧૨૬૬ |
| સોયાબીન | ૬૦૦ | ૮૧૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ડોળાસા નજીક સોનપરા-જીથલા રસ્તા પરના દબાણ દૂર કરવાની કાર્યવાહી શરૂ

કોડીનાર, તા.૨૬

કોડીનાર તાલુકાના જીથલા અને ગીર ગઢડા તાલુકાના સોનપરા ગામને જોડતા અઢી કિલોમીટરના રસ્તા પરના દબાણો દૂર કરવાની કાર્યવાહી આજથી શરૂ થઈ છે. આ દબાણોના કારણે રસ્તો સાંકડો બની ગયો હતો, જેનાથી સ્થાનિકોને ભારે અગવડ પડતી હતી. સોનપરા ગ્રામ પંચાયત, સ્થાનિક ખેડૂતો અને સરપંચ ડૉ. ઉમેશભાઈ વાઢેળ દ્વારા આ દબાણો દૂર કરવા માટે સતત રજૂઆતો કરવામાં આવી રહી હતી. આખરે, ગીર સોમનાથ જિલ્લા કલેક્ટરના આદેશ બાદ આજથી ચાર દિવસ સુધી ચાલનારી આ કાર્યવાહીનો પ્રારંભ થયો છે. દબાણ દૂર થવાથી રસ્તા પર વાડી કે રહેણાક ધરાવતા ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. ગીર ગઢડા પોલીસ, મામલતદાર કચેરી અને તાલુકા વિકાસ અધિકારી કચેરીનો સ્ટાફ પણ આ કામગીરીમાં જોડાયો છે. સરપંચ ડૉ. ઉમેશભાઈ વાઢેળની માંગ છે કે દબાણો દૂર થયા બાદ તરત જ આ રસ્તાને સિમેન્ટ રોડથી બનાવવામાં આવે. જો આ રોડ બની જાય તો બંને ગામ વચ્ચેનું અંતર દસ કિલોમીટરથી ઘટીને અઢી કિલોમીટર થઈ જશે, જેનો લાભ બંને ગામની જનતા અને ખેડૂતોને મળશે. આ ઉપરાંત, કોડીનાર અને ગીર ગઢડા તાલુકાને જોડતો વધુ એક મહત્વપૂર્ણ રોડ પણ બનશે.


તસવીર : અનીલ કાનાબર

# દેવર્ષિ નારદ જયંતી નિમિત્તે ગીર સોમનાથ જિલ્લાના પત્રકારો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો

ગીર સોમનાથ,તા.૨૬

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત વિશ્વ સંવાદ કેન્દ્ર, ગીર સોમનાથ જિલ્લા દ્વારા દેવર્ષિ નારદ જયંતી નિમિત્તે પત્રકારો સાથે રવિવારે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા સંઘચાલક પ્રફુલભાઈ હરિયાણી અને વક્તા તરીકે સૌરાષ્ટ્ર પ્રાંત ગ્રામ વિકાસ સહ સંયોજક લક્ષ્મણભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સંબોધનમાં નારદજીના જીવન અને સંદેશાવાહક તરીકેના યોગદાનને યાદ કરી, આધુનિક પત્રકારોને સત્ય અને ન્યાયના પથ પર ચાલવા પ્રેરણા આપી હતી.

પ્રથમ પત્રકાર તરીકે મહર્ષિ નારદના યોગદાનને આપણે હંમેશા યાદ રાખવું જોઈએ. પત્રકાર મિત્રો પણ આ પ્રકારે જ આદર્શ પત્રકારત્વને ન્યાય આપી સમાજ જાગૃતિનું અભિનવ કાર્ય કરી રહ્યા છો તે સન્માનીય તથા ધન્યવાદને પાત્ર છે. વિશ્વ કલ્યાણના કાર્યો માટે એક સ્થાનથી બીજા સ્થાન પર માહિતીનો સંચાર કરનાર નારદજી પ્રથમ પત્રકાર હોવાની માહિતી આપી હતી.


તસવીર : કૈલાશ ભટ્ટ

# અમરેલી જિલ્લામાં ધોરણ-૧૦ની માર્કશીટ વિતરણમાં બોર્ડનો છબરડો

અમરેલી,તા.૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર થયેલા ધોરણ-૧૦ના પરિણામ પછી માર્કશીટનું વિતરણ કરવામાં આવેલ છે. પરંતુ અમરેલી જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ મુકુંદભાઈ મહેતાએ બોર્ડના પરીક્ષા સચિવને રજૂઆત કરી હતી કે, માર્કશીટનું વિતરણ સ્થળ પરથી કરવામાં આવેલ છે પરંતુ ઘણી શાળાના પેકેટમાંથી એક-બે માર્કશીટ મળેલ નથી, જેનાં કારણે શાળાને અને વાલીઓને મુશ્કેલી ઊભી થઈ છે. આ બાબતની સત્વરે ગંભીર નોંધ લઈ તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરીને શાળાને માર્કશીટ મળે તે અંગેની વ્યવસ્થા કરવામાં આવે.

**ઓછી માર્કશીટ મળવા મુદ્દે અમરેલી આચાર્ય સંઘની બોર્ડને ફરિયાદ**

# કોડીનારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે નગરપાલિકાની ઝુંબેશ: ૨૦ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી નાશ કરાયો

કોડીનાર, તા.૨૬

જિલ્લા કલેક્ટરના આદેશ હેઠળ પ્લાસ્ટિક મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ અન્વયે કોડીનાર નગરપાલિકા દ્વારા તા. ૨૩/૦૫/૨૦૨૫ના રોજ પ્રતિબંધિત પ્લાસ્ટિક વિરુદ્ધ સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચીફ ઓફિસર વિનોદભાઈ રાઠોડ અને સેનેટરી ઈન્સ્પેક્ટર ભાવેશ ઝાલાની ટીમે કોળીચોરા ચોક, સરકારી દવાખાના રોડ, જુની બજાર, નાગલ દેવી ચોક, બકાલા માર્કેટ અને જ્યોતી કોમ્પ્લેક્ષ જેવા વિસ્તારોમાં આકસ્મિક તપાસ કરી હતી. આ કાર્યવાહીમાં ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈના પ્લાસ્ટિકના ઝબલા, થર્મોકોલની ડિશો, ચમચી, સ્ટ્રો સહિત આશરે ૨૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરીને સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

વધુમાં, લારી-ગલ્લા, શાકમાર્કેટ અને કોમર્શિયલ દુકાનદારોને કચરો ડસ્ટબીનમાં જ સંગ્રહ કરવા અને ડોર ટુ ડોર કલેક્શન વાહનમાં જ નાખવા તાકીદ કરાઈ હતી. નગરપાલિકા દ્વારા ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટિકની બેગ કે ઝબલા જમા કરાવનારને પ્રોત્સાહન રૂપે કાપડની કેરી બેગ આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.



તસવીર : ધર્મેક પાઠક

# ધોરાજીના સુપેડી નજીક હિટ એન્ડ રન: આયુર્વેદ કોલેજની ૨૧ વર્ષીય વિદ્યાર્થિનીનું કરૂણ મોત

ધોરાજી, તા.૨૬

રાજકોટ જિલ્લાના ધોરાજી નજીક સુપેડી ગામે એક હૃદયદ્રાવક હિટ એન્ડ રનનો બનાવ બન્યો છે, જેમાં ઈવા આયુર્વેદ કોલેજમાં અભ્યાસ કરતી ૨૧ વર્ષીય યુવતીએ જીવ ગુમાવ્યો છે. આ ઘટનાથી તાલાળા અને સુપેડી ગામમાં શોકની ગમગીની છવાઈ ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તાલાળા ગામની વતની અને સુપેડીની ઈવા આયુર્વેદ કોલેજમાં અભ્યાસ કરતી અક્ષિતાબેન જીવરાજભાઈ વાળા વેકેશન પૂર્ણ થતા બસમાં પરત ફરી રહી હતી. સુપેડી ગામમાં બસમાંથી ઉતર્યા બાદ તે કોલેજ તરફ જવા માટે રોડ ક્રોસ કરી રહી હતી. તે સમયે પાછળથી આવેલા એક અજાણ્યા બોલેરો વાહન ચાલકે અક્ષિતાબેનને જોરદાર અડફેટે લીધી હતી.



# કોડીનારમાં મેમણ મુસ્લિમ સમાજ દ્વારા ૧૨ યુગલોના ભવ્ય સમૂહલગ્ન યોજાયા

કોડીનાર,તા.૨૬

કોડીનાર મેમણ મુસ્લિમ સમાજ અને ખીદમત ચેરીટેબલ ટ્રસ્ટ કોડીનારના સહયોગથી ૨૫મી મે, ૨૦૨૫ના રોજ સમૂહલગ્ન મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કોડીનાર ખાતે રવિવારે સાંજે ૮:૩૦ કલાકે યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૨ યુગલોએ ઈસ્લામી તોર-તરીકા મુજબ પાક બંધનમાં જોડાઈ નવા જીવનની શરૂઆત કરી હતી. સૌપ્રથમ, મુસ્લિમ સમાજના પવિત્ર ગ્રંથ કુરાન શરીફની તિલાવત સાથે ૧૨ દુલ્હા-દુલ્હનને કલમા પઢાવી, એક જ મંડપ નીચે નિકાહ શરીફનો કાર્યક્રમ આન-બાન-શાનથી સંપન્ન કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોડીનાર નગરપાલિકાના પ્રમુખ અહેસાનભાઈ નકવી, ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી, મેમણ સમાજના અગ્રણી દાઉદભાઈ ઝમઝમ, વેપારી અગ્રણી રમેશભાઈ બજાજ, હમિદ ગોડીલ, ફારૂકભાઈ સોરઠીયા, નદીમભાઈ કેશોદવાલા, સફીભાઈ અને અહમદભાઈ સોપારીવાલા સહિત હિન્દુ-મુસ્લિમ સમાજના અનેક નામી-અનામી આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામ પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું શિલ્ડ અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય સમૂહલગ્ન મહોત્સવને સફળ બનાવવા માટે ખીદમત ચેરીટેબલ ટ્રસ્ટના તમામ સભ્યો, સમૂહલગ્ન મહોત્સવના આયોજક મેમણ મુસ્લિમ જમાતના પ્રમુખ રફીકભાઈ કચ્છી તેમજ સમસ્ત મેમણ સમાજના વડીલો અને યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.



# ઉનામાં ગણેશ મંદિર રામનગર ખારાથી લામધાર તરફ જતા વિસ્તારનો રસ્તો ખુલ્લો કરાશે

ઉના, તા.૨૬

ઉના શહેરમાં GEB ઓફિસ નજીક આવેલા ગણેશ મંદિર રામનગર ખારાથી લામધાર તરફ જતા વાડી વિસ્તારના રસ્તા પર બાવળ અને ઝાડી-ઝાંખરાની ભરમારથી વાહનચાલકો, શાળાએ જતા બાળકો અને ખેડૂતોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ અંગે વિસ્તારના લોકો અને ખેડૂતો દ્વારા ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડને રજૂઆત કરવામાં આવી હતી. લોકોની રજૂઆતને ગંભીરતાથી ધ્યાને લઈને, ઉનાના સક્રિય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે સ્થળની રૂબરૂ મુલાકાત લીધી હતી. પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યા બાદ, તેમણે નગરપાલિકાના સ્ટાફને રસ્તાની બંને બાજુના બાવળ અને ઝાડી-ઝાંખરા દૂર કરી, રસ્તો ખુલ્લો કરવા તાત્કાલિક સૂચના આપી હતી. ધારાસભ્યની આ સક્રિય દરમિયાનગીરીના કારણે આ લાંબા સમયથી પ્રશ્નનો નિકાલ આવતા, વિસ્તારના લોકોમાં હર્ષની લાગણી જોવા મળી હતી.



**બાવળ અને ઝાડી-ઝાંખરાથી અવરજવરમાં મુશ્કેલી : ધારાસભ્યની સ્થળ મુલાકાત બાદ નિર્ણય**

# સા.કુંડલાના ગણેશગઢ ગામે રામજી મંદિરનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

સાવરકુંડલા, તા.૨૬

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ગણેશગઢ ગામે આવેલા રામજી મંદિરનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભારે ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પાવન પ્રસંગે સંતો-મહંતો અને કથાકારોએ ઉપસ્થિત રહી ભાવિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. આ મહોત્સવમાં મોરારીબાપુ, લાલજી મહારાજ, દ્વારકેશ લાલજી મહારાજ, નાનાલાલજી પુષ્પેન્દ્ર પ્રસાદ મહારાજ અને વક્તા છપૈયપ્રકાશ દાસજી સ્વામી સહિત અનેક સાધુ-સંતો અને મહંતો સહભાગી થયા હતા. આ ઉપરાંત, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિત અનેક રાજકીય, સામાજિક અને ધાર્મિક આગેવાનો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન પૂજન-અર્ચન, યજ્ઞ, પ્રતિષ્ઠા, હોમ, ધ્વજારોહણ, ભવ્ય શોભાયાત્રા, સંતવાણી, ભજન-કીર્તન, મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા, બીડું હોમ વગેરે જેવા વિવિધ ધાર્મિક પ્રસંગોની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી.

**મોરારીબાપુ, લાલજી મહારાજ સહિતના સંતો-મહંતોના આશીર્વાદ, ધ્વજારોહણ અને શોભાયાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા**


## :: જાહેર નોટીસ ::

મારા અસીલે અમરેલી તાલુકાના ગામ શીલાણાના નીચે મુજબ સર્વે નંબરો વાળી જુની શરતની ખેતીની જમીન નીચે લખ્યા આસામીઓ પાસેથી ખરીદ કરવા નકકી કરેલ છે.

| ક્રમ | સર્વે નં. | ક્ષેત્રફળ (હેકટરમાં) | વેચનાર પાર્ટીનું નામ | ખેતરનું નામ |
|---|---|---|---|---|
| (૧) | ૬૬/૧/પૈકી૧ | ૧-૦૯-૬૭ | ખાતા નં. ૭૩ | 'સનાળીયુ નાસીમાડાનું' (૧) શ્રી અંબાબેન રવજીભાઈ સભાયા, (૨) શ્રી વિમળાબેન રવજીભાઈ સભાયા, (૩) શ્રી કમળાબેન રવજીભાઈ સભાયા, (૪) શ્રી કિશોરભાઈ રવજીભાઈ સભાયા, (૫) શ્રી શારદાબેન રવજીભાઈ સભાયા, |
| (૨) | ૬૬/૧/પૈકી૨ | ૧-૦૯-૬૭ | ખાતા નં. ૪૪૬ | 'સનાળીયુ નાસીમાડાનું' (૧) શ્રી શાંતાબેન જેરામભાઈ સભાયા, (૨) શ્રી હસમુખભાઈ જેરામભાઈ સભાયા, (૩) શ્રી મંજુલાબેન જેરામભાઈ સભાયા, (૪) શ્રી જયંતીભાઈ જેરામભાઈ સભાયા, (૫) શ્રી ભાવનાબેન જેરામભાઈ સભાયા, |
| (૩) | ૬૬/૧/પૈકી૩ | ૧-૦૯-૬૭ | ખાતા નં. ૪૪૭ | 'સનાળીયુ નાસીમાડાનું' શ્રી અમિષ ધીરૂભાઈ સભાયા, |
| (૪) | ૬૬/૧/પૈકી૪ | ૧-૦૯-૬૭ | ખાતા નં ૪૪૮ | 'સનાળીયુ નાસીમાડાનું' શ્રી સભાષા મનસુખલાલ વિરજીભાઈ, |
| (૫) | ૬૬/૧/પૈકી૫ | ૧-૦૯-૬૭ | ખાતા નં ૪૪૯ | 'સનાળીયુ નાસીમાડાનું શ્રી નનુભાઈ વિરજીભાઈ સભાયા, |

**મળી કુલ જમીન હે.આરે.ચો.મી. ૫-૪૮-૪૫ બરાબર એકર ૧૩-૨૨ ગુંઠા**

ઉપરોકત વિગતેની ખેતીની જમીનના અલગ-અલગ માલીકીના અલગ માલીકી ટાઈટલ, રાઈટસ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કબજા, પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, ભાગલાગ, દરદાવો, વારસાઈ હકક કે ભરણપોષણનાં હકક કે કોઈનું લેવું, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, અધિકાર હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૦ માં લેખિત આધાર પુરાવા સાથે નીચેનાં સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધો તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની અમારા અસીલ વેચાણ, વ્યવહાર પુર્ણ કરી જમીનનો સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના હકક, દાવા મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહીં. જેની આથી લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

બગસરા.
તા. ૨૬/૦૫/૨૦૨૫

અમારા મારફત
મુકેશકુમાર એન. વઘાસીયા
એડવોકેટ એન્ડ નોટરી
સરદાર ચોક, મામલતદાર ઓફિસ પાસે, બગસરા.
મો. ૯૩૧૬૨ ૦૫૯૧૨ / ૯૯૨૫૧ ૫૮૨૦૭


# કોડીનાર તાલુકાનાં મિતીયાજ ગામે સંત નારણબાપાની ભવ્ય શોભાયાત્રા યોજાઈ

કોડીનાર, તા.૨૬

કોડીનાર તાલુકાના મિતીયાજ ગામે સંત શ્રી નારણબાપાની મૂર્તિ અનાવરણ મહોત્સવ પૂર્વે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ યાત્રામાં ગામના તમામ સમાજના લોકો ઉત્સાહભેર જોડાયા હતા. મિતીયાજના આગેવાનો, મહિલાઓ, યુવાનો, માતાઓ, બહેનો અને બાળકો સહિત સામાજિક કાર્યકર સુરપાલસિંહ બારડ અને લલિત વાળા પણ શોભાયાત્રામાં ઉપસ્થિત રહ્યા હતા. આ શોભાયાત્રાએ ગામમાં ભક્તિમય અને સામાજિક એકતાનો અદ્ભુત માહોલ સર્જ્યો હતો.


તસવીર : ધર્મેક પાઠક


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમા

જન્મ/મરણ અરજી નંબર/૧૩૪/૨૦૨૫

અરજદાર :- શ્રી બાંભણીયા જીતુભાઈ કાળુભાઈ
સરનામું :- રહે.સમઢીયાળા-૧ તા.રાજુલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી સમઢીયાળા-૧
તા.રાજુલા જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના સમઢીયાળા-૧ ગામના શ્રી બાંભણીયા જીતુભાઈ કાળુભાઈ, એ તેમના પુત્ર શ્રી શાહીલ જીતુભાઈ બાંભણીયાનો જન્મ તા.૩૦/૧૧/૨૦૧૪ ના રોજ સમઢીયાળા-૧ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વિ.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવા અન્યથા યોગ્ય હુક કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૧ માહે. ૫ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા**
**તા.૦૧/૦૫/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## -// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી.નં. /૨૦૨૫

**પ્રતિ,**
શ્રી મહેબુબભાઈ દોસમમદભાઈ બ્લોચ
રહે.વલાદર, ગામ-વલાદર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વકીલશ્રી બી.એન.વાઘેલા તથા ડી.બી.દેવળીયા રહે.કોડીનાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વલાદર
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વલાદર ગામના રહીશ **શ્રી મહેબુબભાઈ દોસમમદભાઈ બ્લોચ તથા ફરઝાનાબેન મહેબુબભાઈ બ્લોચ ના પુત્ર ઈર્ષાદ મહેબુબભાઈ બ્લોચનો** જન્મ તા.૦૭/૧૨/૨૦૧૪ ના રોજ કોડીનાર તાલુકાના વલાદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ **કોડીનાર તાલુકાના વલાદર ગામના સને. ૨૦૧૪ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.** જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૦૯/૦૬/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી.નં. /૨૦૨૫

**પ્રતિ,**
શ્રી કૃણાલ પ્રવિણસિંહ ઝાલા
રહે.કોડીનાર, તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વકીલશ્રી કે.સી.ઉપાધ્યાય, એચ.કે.ગૌસ્વામી તથા જે.પી.ઝાલા રહે.કોડીનાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોડીનાર ના રહીશ **શ્રી કૃણાલ પ્રવિણસિંહ ઝાલા તથા શ્રી વિધા કૃણાલ ઝાલા ની પુત્રી શ્રી દુર્વા કૃણાલ ઝાલા નો** જન્મ તા.૦૮/૦૩/૨૦૧૧ ના રોજ કોડીનાર કોડીનાર મુકામે થયેલ છે. જેની જન્મની નોંધ **કોડીનાર નગરપાલિકાના સને. ૨૦૧૧ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.** જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૦૯/૦૬/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## સાબરમતી-જૂનાગઢ વંદે ભારત સહિત બે નવી ટ્રેન નરેન્દ્ર મોદીએ ગુજરાતને ભેટ આપી

અમદાવાદ, તા.૨૬



વડાપ્રધાન મોદીએ સોમવારે ગુજરાતને બે મોટી ભેટ આપી હતી. જેમાં વંદે ભારત એક્સપ્રેસ સેવાનો પણ સમાવેશ થાય છે. વડાપ્રધાન મોદીએ આજે દાહોદમાં આયોજિત એક કાર્યક્રમમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ બંને એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપી હતી. ટ્રેન નંબર ૨૬૯૦૧ સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ અઠવાડિયામાં છ દિવસ ચાલશે. આ ટ્રેન ગુરુવાર સિવાય સપ્તાહના તમામ દિવસ ચાલશે. આ ટ્રેન દરરોજ સવારે ૦૫:૨૫ વાગ્યે સાબરમતી સ્ટેશનથી ઉપડશે. તે ચાંદલોડિયા, વિરમગામ, રાજકોટ, જૂનાગઢ થઈને બપોરે ૧૨:૨૫ વાગ્યે વેરાવળ સ્ટેશન પહોંચશે.

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ગુજરાતના ચાંદલોડિયા સ્ટેશન પર હાલમાં વિકાસ કાર્ય ચાલી રહ્યું છે. તે પૂર્ણ થયા પછી, વંદે ભારત એક્સપ્રેસ ચાંદલોડિયા સ્ટેશન પર એક વ્યાપારી સ્ટોપેજ પણ ધરાવશે.

આ ઉપરાંત સોમવારે વડાપ્રધાને વલસાડ-દાહોદ એક્સપ્રેસ ટ્રેનની પણ ભેટ આપી છે. આ ઉપરાંત, ગાર્ડ કમ પાર્સલ વાનના બે કોચ હશે. દિવ્યાંગ મુસાફરોને ગાર્ડ વાનમાં બેસવાની સુવિધા આપવામાં આવશે.

## ગઈકાલે મહિલા સાથે ફોટા વાયરલ થયા બાદ લાલુએ મોટા દીકરાને પાર્ટી અને પરિવારમાંથી તગેડી મૂક્યો

પટના, તા.૨૬



તેજ પ્રતાપ યાદવના એક મહિલા સાથેના ફોટા અને વીડિયો વાયરલ થઈ રહ્યા છે. આમાં તે એક છોકરી સાથે જોવા મળે છે. યુઝર્સે તેજ પ્રતાપના બીજા લગ્નનો દાવો કર્યો હતો. ત્યારબાદ આરજેડી સુપ્રીમો લાલુ યાદવે તેમના મોટા પુત્ર તેજ પ્રતાપ યાદવને પાર્ટી અને પરિવારમાંથી હાંકી કાઢ્યા છે. લાલુએ ફેસબુક પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. લાલુ પ્રસાદે લખ્યું, 'વ્યક્તિગત જીવનમાં નૈતિક મૂલ્યોની અવગણના સામાજિક ન્યાય માટેના આપણા સામૂહિક સંઘર્ષને નબળી પાડે છે.' 'મોટા દીકરાની પ્રવૃત્તિઓ, જાહેર વર્તન અને બેજવાબદાર વર્તન કૌટુંબિક મૂલ્યો અને પરંપરાઓ અનુસાર નથી.' તેથી, ઉપરોક્ત સંજોગોને કારણે, હું તેને પક્ષ અને પરિવારથી દૂર કરું છું. હવેથી તેની પાર્ટી અને પરિવારમાં કોઈપણ પ્રકારની ભૂમિકા રહેશે નહીં. તેને ૬ વર્ષ માટે પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યો છે. તેજ પ્રતાપના નવા સંબંધની ચર્ચા શનિવારે સાંજે તેમના ફેસબુક એકાઉન્ટ પરથી પોસ્ટ કરાયેલી એક તસવીરથી શરૂ થઈ હતી.


## દિલ્હીમાં કોરોનાના કેસમાં મોટો ઉછાળો, એક અઠવાડિયામાં ૯૯ કેસ સામે આવ્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬

કોરોના વાયરસના વધતા કેસ ફરી એકવાર ડરાવવા લાગ્યા છે. રાજધાની દિલ્હીમાં પણ કોરોનાના કેસમાં વધારો જોવા મળ્યો છે. દિલ્હીમાં હાલમાં કોરોનાના ૧૦૪ સક્રિય કેસ છે. જ્યારે ૧૯ મે સુધી દિલ્હીમાં ૨૪ સક્રિય કેસ હતા અને માત્ર એક અઠવાડિયામાં જ ૯૯ કેસ વધ્યા છે. જોકે, આ સમયગાળા દરમિયાન ૧૯ દર્દીઓ સ્વસ્થ થયા છે. છેલ્લા કેટલાક દિવસોમાં દેશમાં કોરોનાના કેસમાં જે રીતે વધારો થયો છે તે ચોંકાવનારો છે. જો આપણે દેશભરમાં કોરોના વાયરસના વધતા જતા કેસ પર નજર કરીએ તો આ સંખ્યા એક હજારને વટાવી ગઈ છે. આરોગ્ય મંત્રાલયની વેબસાઈટ અનુસાર, સોમવારે સવારે ૧૧ વાગ્યા સુધીમાં ભારતમાં કોરોનાના ૧૦૦૯ કેસ છે. દેશમાં સૌથી વધુ સક્રિય કોરોના કેસ કેરળમાં છે, ત્યારબાદ મહારાષ્ટ્રનો નંબર આવે છે. સક્રિય કેસમાં દિલ્હી ત્રીજા સ્થાને આવી ગયું છે.

## જમ્મુ-કાશ્મીરના એલજી સિન્હાની પાકિસ્તાનને ચેતવણી : ફરીથી કંઈ કરવાની હિંમત કરશે તો તે મુશ્કેલીમાં મુકાશે

શ્રીનગર,તા.૨૬



પહેલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પછી, ભારત સતત પાકિસ્તાનને કડક સંદેશા મોકલી રહ્યું છે. હવે જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ પણ કહ્યું કે પાકિસ્તાનને ચેતવણી આપવામાં આવી છે અને જો તે ભવિષ્યમાં કંઈ કરવાની હિંમત કરશે તો ભારતીય સશસ્ત્ર દળો આ આતંકવાદી દેશનો નાશ કરશે.

જમ્મુમાં એક કાર્યક્રમ દરમિયાન લોકોને ખાતરી આપતા કહ્યું કે આતંકવાદીઓ અને તેમના સમર્થકો વચ્ચે કોઈ ભેદભાવ રાખવામાં આવશે નહીં, ઉપરાજ્યપાલ સિંહાએ કહ્યું કે તેમના કૃત્યોને સમાન રીતે સજા કરવામાં આવશે. ઓલ જમ્મુ અને કાશ્મીર જાટ સભાને સંબોધતા, તેમણે સશસ્ત્ર દળોની બહાદુરી પર પ્રકાશ પાડ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશને આતંકવાદથી સંપૂર્ણપણે મુક્ત કરવાના મોદી સરકારના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો.

સિંહાએ કહ્યું, પાકિસ્તાનને ચેતવણી આપવામાં આવી છે. જો તે ભવિષ્યમાં કોઈ દુઃસાહસ કરશે, તો આપણા સશસ્ત્ર દળો આ આતંકવાદી દેશનો નાશ કરશે.

## વૈશ્વિક મંચ પર પાકિસ્તાન પ્રત્યે જે પ્રકારની નિંદા થવી જોઈતી હતી તે ન થઈ : સચિન પાટલોટ

(એચ.એસ.),નવીદિલ્હી,તા.૨૬



કોંગ્રેસના નેતા સચિન પાયલોટે કહ્યું કે વિપક્ષ સરકાર પાસે સંસદનું ખાસ સત્ર બોલાવવાની માંગ કરી રહ્યું છે અને આનાથી પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ સામે ભારતની લડાઈમાં સમગ્ર વિશ્વને એકતાનો સંદેશ મળશે. સચિન પાયલોટે કહ્યું કે પહેલગામ આતંકવાદી હુમલા પછી સરકારને કેવો પ્રતિભાવ આપવો જોઈએ તે અંગે દેશ અને વિપક્ષ તરફથી સરકારને જે સમર્થન મળ્યું છે તે અભૂતપૂર્વ અને બિનશરતી છે. દુનિયાભરમાં સંદેશ જાય કે સમગ્ર ભારત દેશ સાર્વભૌમત્વ અને અખંડિતતા માટે એક છે. તેમણે કહ્યું કે મને લાગે છે કે આપણે ઘણું બધું કરવું પડશે કારણ કે વૈશ્વિક મંચ પર પાકિસ્તાન પ્રત્યે જે પ્રકારની નિંદા થવી જોઈતી હતી તે થઈ નથી.

## વડાપ્રધાન મોદીના વડોદરા રોડ શોમાં કર્નલ સોફિયા કુરેશીના પરિવારજનો જોડાયા

વડોદરા,તા.૨૬



શહેરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વાગત અને સન્માન સિંદૂર સન્માન યાત્રા દ્વારા કરવામાં આવ્યું હતું. ભારતીય સેનામાં ફરજ દરમિયાન શહીદ થયેલા જવાનોના પરિવારજનોએ સામેલ થઈ નારી શક્તિના ઉત્સાહમાં વૃદ્ધિ કરી હતી. આતંકવાદ સામે ભારતની લડાઈની વિગતો સમગ્ર વિશ્વ સમક્ષ મૂકનારા કર્નલ સોફિયા કુરેશીના પરિવારજનો પણ અહીં જોવા મળ્યા હતા. આ ઉપરાંત કર્નલ સોફિયા કુરેશીના પિતા સહિતના પરિવારજનોએ પણ આ યાત્રામાં સામેલ થઈ નારીશક્તિના ઉત્સાહમાં વૃદ્ધિ કરી હતી.

કર્નલ સોફિયા કુરેશીની જોડિયા બહેન શાયના સુનસારાએ રોડ શો દરમિયાન મીડિયા સાથે વાત કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, અમને પીએમ મોદીને મળીને સારું લાગ્યું. પીએમ મોદીએ મહિલા સશક્તિકરણ માટે ઘણું કર્યું છે. સોફિયા મારી ટ્વિન સિસ્ટર છે. જ્યારે તમારી બહેન દેશ માટે કંઈક કરે છે, ત્યારે તે ફક્ત મને જ નહીં પરંતુ અન્ય લોકોને પણ પ્રેરણા આપે છે.

## મોરબી રાજકોટ હાઈવે પર આંગડિયા પેઢીના ૧ કરોડની લૂંટમાં પોલીસે બે આરોપી ઝડપ્યા

(એચ.એસ.એલ),મોરબી,તા.૨૬



મોરબી રાજકોટ હાઈવે પર ખજુરા હોટલ નજીક રૂપિયા એક કરોડની લૂંટ થઈ હતી. લૂંટની જાણ થતા જ જિલ્લાની પોલીસે દોડાદોડી કરી મૂકી હતી. એક કરોડની માતબર રકમની લૂંટના કેસને ગંભીરતાથી લઈને પોલીસે સમગ્ર મોરબી જિલ્લામાં નાકાબંધી કરી હતી. આરોપીઓ સતત કારનો પીછો કરતા અને કારને ટક્કર મારતા હતા. ભોગ બનનારની કારને સતત ટક્કરો મારીને ઊભી રાખવા માટે મજબૂર કર્યા હતા. ટંકારા નજીક ખજૂરા હોટલ આવતા ભોગ બનનારે કાર હોટલ તરફ વાળી લીધી હતી. ત્યાં આરોપીઓ રૂપિયા એક કરોડની રોકડની લૂંટ કરી ફરાર થયા હતા. લૂંટ કરનારા આરોપીઓ એક કાર મૂકી બીજી કારમાં ફરાર થયા હતા.

મોરબી પોલીસે કરેલ નાકાબંધીને કારણે, પોલીસને આખરે સફળતા પણ મળી હતી. બે કાર સહિત બે લૂંટારૂ પોલીસના હાથે ચડયા હતા. લૂંટારૂઓ પાસેથી લૂંટમાં ગયેલી કેટલીક રોકડ પણ પોલીસે કબજે કરી. લૂંટ કરી લૂંટારૂઓ જામનગર જિલ્લા તરફ નાસી ગયા હતા પરંતુ નાકાબંધીને કારણે મોરબી તરફ આવતા જ પોલીસે રાઉન્ડ અપ કર્યા હતા.

## આતંકવાદ સામેની લડાઈમાં ગુયાનાએ ભારતને ટેકો આપ્યો

જયોર્જટાઉન,તા.૨૬



ગુયાનાના ઉપરાષ્ટ્રપતિ ભરત જગદેવ અને વડાપ્રધાન માર્ક ફિલિપ્સે આતંકવાદ સામેની લડાઈમાં ભારતને તેમના દેશનો ટેકો વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસના સાંસદ શશી થરૂરના નેતૃત્વમાં ગુયાનાની મુલાકાતે આવેલા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ સાથેની મુલાકાત દરમિયાન બંને નેતાઓએ ભારતને ટેકો આપ્યો હતો. ભારતના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળને મળ્યા બાદ, ગુયાનાના વડપ્રધાન બ્રિગેડિયર માર્ક એન્થોની ફિલિપ્સ (નિવૃત્ત) એ કહ્યું, 'ગુયાના કોઈપણ આતંકવાદી કૃત્યની નિંદા કરે છે. અમે માનીએ છીએ કે દરેક રાષ્ટ્ર અને લોકોને પોતાના દેશમાં શાંતિથી રહેવાનો અધિકાર છે. અમે કાયદાના શાસનનું પાલન કરવામાં માનીએ છીએ.

## ઈઝરાયલે ગાઝામાં ફરી મોટો હુમલો કરતા પર લોકોના મોત : પપથી વધુ ઘાયલ

દેઈર અલ-બલાહ,તા.૨૬

ઈઝરાયલે ગાઝામાં તેની લશ્કરી કાર્યવાહીને વધુ તીવ્ર બનાવી દીધી છે. ઈઝરાયલી સેના ગાઝામાં ભારે બોમ્બમારો કરી રહી છે. દરમિયાન, સોમવારે ગાઝા પટ્ટીમાં ઈઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા પર લોકો માર્યા ગયા હતા. મૃતકોમાં, ૩૧ લોકોએ આશ્રયસ્થાન તરીકે ઉપયોગમાં લેવાતી શાળામાં આશરો લીધો હતો. સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ આ હુમલા અંગે માહિતી આપી છે. ઈઝરાયલી સેનાએ કહ્યું કે તેણે એવા આતંકવાદીઓને નિશાન બનાવ્યા હતા જેઓ શાળામાંથી પોતાની પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા હતા. સ્થાનિક આરોગ્ય મંત્રાલયની કટોકટી સેવાના વડા ફહમી અવદે જણાવ્યું હતું કે ઉત્તરી ગાઝામાં શાળા પર થયેલા હુમલામાં પપ થી વધુ લોકો ઘાયલ પણ થયા છે.

## ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ચાર કોરોના કેસ નોંધાયા

અમદાવાદ, તા.૨૬



ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૪ કોરોના કેસ નોંધાયા છે. જેમાં સુરતમાં ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી ૪૦ વર્ષીય યુવતી અને ૭૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. જ્યારે બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલા કુલ ૮ ટેસ્ટમાંથી ૨ કેસ પોઝિટિવ આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે, સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સોમવારે ૨ દર્દીનો કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેમાં સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં રહેતી અને ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતી ૪૦ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. હાલ યુવતી સિવિલ હોસ્પિટલમાં ઓક્સિજન સપોર્ટ પર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૨ વ્યક્તિઓને હાલમાં કોઈ તકલીફ નથી.

## ભાવનગરમાં પિતૃ તર્પણના બહાને યુવતી સાથે દુષ્કર્મ કરનાર ભુવો ઝડપાયો

ભાવનગર,તા.૨૬



ભાવનગરમાં ધીરુ ભુકણ નામના ભુવાએ ધાર્મિક વિધિના નામે મહાપાપ કર્યું છે. ભાવનગરના મહુવા તાલુકા પંથકમાં યુવતી સાથે દુષ્કર્મ કરનાર આ ભુવો ઝડપાયો છે. બગદાણા પોલીસે દસ દિવસ બાદ બળાત્કાર કરનાર ભુવાને પકડી પાડ્યો છે. જણાવી દઈએ કે, પીડિતાએ પિતૃ તર્પણની વિધિ માટે આરોપી ભુવાનો સંપર્ક કર્યો હતો. યુવતી પર નજર બગાડનાર આ નરાધમ ભુવાએ પીડિતાને ઘરમાં બંધ કરી પોતાની હવસની ભૂખ પૂરી કરી હતી.

આ સિવાય ભુવાએ પીડિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પીડિતાને સાડા સાત મહિનાનો ગર્ભ રહ્યા બાદ આ રાક્ષસી ભૂવાનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે નરાધમની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ઈંગ્લેન્ડ પ્રવાસ પર શ્રેયસની અવગણનાથી સેહવાગે પસંદગીકારો પર સવાલ ઉઠાવ્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬



ભૂતપૂર્વ ભારતીય બેટ્સમેન વીરેન્દ્ર સેહવાગે ઈંગ્લેન્ડ પ્રવાસ પર શ્રેયસ ઐયરની અવગણના પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે પસંદગીકારોને પૂછ્યું છે કે ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટેસ્ટ શ્રેણી માટે ટીમ ઈન્ડિયામાં સ્ટાર બેટ્સમેનની પસંદગી કેમ ન કરવામાં આવી. તમને જણાવી દઈએ કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આગામી ટેસ્ટ શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત કરી હતી. રોહિત શર્માની નિવૃત્તિ બાદ શુભમન ગિલને નવો ટેસ્ટ કેપ્ટન બનાવવામાં આવ્યો હતો જ્યારે ઋષભ પંતને ઉપ-કેપ્ટનની જવાબદારી સોંપવામાં આવી હતી.

આ શ્રેણી માટે પસંદ કરાયેલી ૧૮ સભ્યોની ટીમમાં શ્રેયસ ઐયરનો સમાવેશ કરવામાં આવ્યો નથી. ૩૦ વર્ષીય બેટ્સમેન ભારત માટે અત્યાર સુધીમાં ૧૪ ટેસ્ટ મેચ રમી ચૂક્યો છે. આમાં તેણે એક સદી અને પાંચ અડધી સદીની મદદથી ૮૧૧ રન બનાવ્યા છે. ગયા વર્ષે જ્યારે ટીમ ભારત પ્રવાસે હતી ત્યારે તે છેલ્લે ઈંગ્લેન્ડ સામે આ ફોર્મેટમાં રમતા જોવા મળ્યો હતો.

સેહવાગે ક્રિકબઝને કહ્યું - શ્રેયસ ઐયરે આઈપીએલ સિઝન શાનદાર વિતાવી છે, તે કેપ્ટન પણ છે. તે ટેસ્ટ ક્રિકેટ કેમ ન રમી શકે? તે ચોક્કસપણે ત્રણેય ફોર્મેટ રમી શકે છે. જ્યારે તે સારા ફોર્મમાં છે, ત્યારે તેને પ્રવાસ પર લઈ જવાનું યોગ્ય છે કારણ કે તેના સારા પ્રદર્શનની શક્યતા વધુ હોય છે. હું તેને ટેસ્ટ ટીમમાં જોવા માંગુ છું.

## દ્વારકાના દરિયામાં જોવા મળ્યો ભારે કરંટ, ઘાટ વિસ્તારમાં સુરક્ષા ગાર્ડ તૈનાત કરાયા

દ્વારકા,તા.૨૬

ગુજરાત પરથી વાવાઝોડાનો ખતરો ટળ્યો છે પરંતુ માવઠાની ઘાત યથાવત જોવા મળી છે. હવામાન નિષ્ણાંતો અને હવામાન વિભાગની આગાહી વચ્ચે અરબી સમુદ્રમાં કરંટ જોવા મળ્યો છે. દ્વારકાના દરિયામાં ભારે કરંટ જોવા મળ્યો છે. ગોમતીકાંઠે ૧૫થી ૨૦ ફૂટ ઉંચા મોજા ઉછળ્યા હતા. ગોમતી ઘાટે સહેલાણીઓનો જમાવડો જોવા મળ્યો છે. કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટનાને રોકવા માટે ઘાટ વિસ્તારમાં સુરક્ષા ગાર્ડ્સને તૈનાત કરવામાં આવ્યા છે. બીજી તરફ હવામાન વિભાગે પણ માવઠાની આગાહી કરી છે. જેમાં સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. વેરાવળ બંદર પર સમુદ્રમાં ભારે કરંટ જોવા મળ્યો છે. બંદર પર ૧ નંબરનું ભયજનક સિગ્નલ લગાવાયું છે. સમુદ્રમાં ઉંચા ઉંચા મોજા ઉછળતા જોવા મળ્યા છે. તો સાવચેતીના ભાગરુપે માછીમારોને પણ પરત બોલાવી લેવાયા છે.

